Year - 30 • Issue - 13 • Pages -20


- માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના દસ વર્ષ ૪
- અન્યાય હટાવો - ગુજરાત બચાવો - કર્ણાવતીમાં માનવ મહેરામણ છલકાયો ૫
- ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક ૧૦
- ગુજરાતનાં રાજ્યપાલ શ્રીમતી કમલા બેનિવાલ સામે ખુલ્લું તહોમતનામું ૧૪
- પુસ્તક પરિચય - એક ઓર દધીચિ-ઋષિ : નાનાજી દેશમુખ ૧૭
- માલધારીઓની લાકડી છોડાવીને તેમના સંતાનોને કલમ (શિક્ષણ) હાથમાં આપવી છે શિક્ષણ જ વિકાસનો ઉત્તમ પર્યાય છે - નરેન્દ્રભાઈ મોદી ૧૮



**લેખન**

- ડૉ. જગદીશ ભાવસાર
- ડૉ. હર્ષદ પટેલ
- કર્દમ દવે
- ડૉ. પરાગ શેઠ

**સંકલન**

- નિમેષ જોશી



પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૫૦૪૫૨૫/૨૬
ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪

E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી સાધના મુદ્રણાલય ટ્રસ્ટ, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યુ.

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel On behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Printed at Sadhana Mudranalay Trust,
City Mill Compound, Kankaria Road,
Ahmedabad and Published from
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.


## તંત્રીસ્થાનેથી....

# શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સુશાસનના ૧૦ વર્ષ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વનાં ૧૦ વર્ષ -

(૧) ગુજરાતમાં પ્રત્યેક દિશામાં અભૂતપૂર્વ વિકાસક્રાંતિ થઈ

(૨) સમગ્ર દેશમાં ગુજરાતે 'ગ્રોથ એન્જિન' તરીકે સફળતા મેળવી

(૩) સમગ્ર વિશ્વએ માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિઝન'ને વખાણ્યું

સમરસ ગામ, જ્યોતિગ્રામ, ચિરંજીવ યોજના, કન્યા કેળવણી, બેટી બચાવો, સખી મંડળ, શાળા પ્રવેશોત્સવ, બાળ આરોગ્ય, ૧૦૮ સેવા, વાઈબ્રન્ટ સમિટ્સ, કૃષિ મહોત્સવ, ગરીબ મેળા, ચલો તાલુકે, સદ્ભાવના, શહેરી વિકાસ, વનબંધુ યોજના, મુખ્યમંત્રી જનસંપર્ક, લોક ફરીયાદ નિવારણ, નર્મદાનું પાણી અન્ય નદી-તળાવોમાં, વાંચે ગુજરાત, વાવે ગુજરાત, ખેલ મહાકુંભ, ઈ ધરા, પંચાયત ઈ કનેક્ટિવિટી, ચિંતન શિબિર, રાષ્ટ્રીય - સામાજિક અને ધાર્મિક તહેવારોની વિવિધતા સભર ઉજવણી, અને આવી તો અનેક બાબતો -

આ બધાંમાં બે મહત્ત્વની બાબતો એ છે કે -

(૧) ૧૦ વર્ષમાં ગુજરાતે ઘણું મેળવ્યું છે અને તેનું સચોટ કારણ માન. શ્રી નરેન્દ્રભાઈની સતત 'નવીનતા' માટેની 'કલ્પનાશક્તિ' છે.

(૨) માન. શ્રી નરેન્દ્રભાઈએ શાસનને પ્રજા સાથે જોડ્યું છે. જનભાગીદારીના માધ્યમથી તેમણે ખરા અર્થમાં લોકશાહીને પ્રસ્થાપિત કરી છે અને એટલે જ પ્રજા કહે છે કે -

'નરેન્દ્ર મોદી - ન ભૂતો ન ભવિષ્યતિ' અને

શ્રી નરેન્દ્રભાઈ કહે છે - 'મારે મન પ્રજા જ ઈશ્વરનું સ્વરૂપ છે.'

વંદે માતરમ્ ।

- સુરેન્દ્ર પટેલ



## માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના દસ વર્ષ

# ‘શાંતિ - વિકાસ - સદ્‌ભાવ’ના ત્રિવેણી સંગમ થકી દસે દિશામાં વિકાસ

દેશ અને દુનિયામાં ઉદાહરણરૂપ પ્રશાસન આપનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારની ટીમને યશસ્વી રીતે દસ વર્ષ પૂર્ણ કરવા બદલ ભાજપ-ગુજરાત વતી અભિનંદન પાઠવતા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે ગુજરાતસરકારે શાંતિ-વિકાસ-સદ્‌ભાવનાથી સીમાચિન્હરૂપ વિકાસગાથા આલેખી છે.

વિકાસના દસકાને આઠ-દસ લીટીમાં રજૂ કરવો અજૂગતો છે પરંતુ સમગ્ર ગુજરાતે વિકાસના દાયકાને ઓળખી સ્થાનિક સ્વરાજ્યથી માંડીને સંસદ સુધીની ચૂંટણીઓમાં જનસમર્થન દ્વારા વિકાસની સ્વીકૃતિ પ્રાપ્ત કરાવેલ છે.

સર્વસ્પર્શી અને સર્વવ્યાપી કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે દર વર્ષે કૃષિ મહોત્સવ યોજી અને સોઈલ હેલ્થ કાર્ડ થકી સરકારે ખેતીને પોષી છે, પોષણક્ષમ ભાવ આપીને કરોડરજ્જુ સમા કૃષિનો વિકાસ દર ૧૧ ટકા કરતા વધુ પ્રાપ્ત કર્યો છે. જળસંચય અને સિંચાઈની સુચારૂ વ્યવસ્થાથી ખેતીલાયક જમીનમાં વધારો કરી ખેડૂતોને સમૃદ્ધિકરણ બક્ષ્યું છે. કૃષિને સમાંતર વિકાસની નવી દિશામાં સરકારે અપનાવેલી જમીન સંપાદનની નીતિ કે જેને સુપ્રિમ કોર્ટે પણ મોડેલરૂપ ગણાવી છે. તેના અમલીકરણથી વિકાસના નવા આયામો ખુલ્યા છે. વાયબ્રન્ટ સમિટમાં થયેલા ૨૦.૮૩ લાખ કરોડ જેટલા સમજૂતી કરાર પૈકી ૮૧ હજાર કરોડ જેટલા કૃષિ વિષયક કરાર થયા છે. વાયબ્રન્ટ સમિટથી રોજગારીની નવી તકો યુવાનો માટે ઉભી કરી છે. સાથે ઉદ્યોગોને કુશળ માનવબળ મળી રહે તે માટે ૨ લાખ જેટલા કૌશલ્ય વર્ધક કાર્યક્રમો ઉમ્મીદ, નોલેજ સોસાયટી જેવા ઉપક્રમો અને ITIની સંસ્થાઓને સંવર્ધિત કરવાનું હાથ ધર્યું છે. ઉચ્ચ શિક્ષણમાં વિશ્વ સાથે આપણો યુવાન કદમ મીલાવી શકે તે માટે જુદા જુદા પ્રકારની ૩૯ યુનિવર્સિટીઓનું નિર્માણ કર્યું છે.

પ્રાથમિક શિક્ષણને પ્રાથમિકતા આપી પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા ગુણવત્તા સાથે ફરજીયાત શિક્ષણના અમલ થકી ડ્રોપઆઉટ દર ૨ ટકા જેટલો નીચો લાવી શકી છે. પારદર્શક પ્રક્રિયાથી અત્યાર સુધીમાં ૧ લાખ ૨૦ હજાર જેટલા વિદ્યાસહાયકોની નિયુક્તિ કરી પ્રાથમિક શિક્ષણને વધુ સુદૃઢ બનાવ્યું છે.

માળખાગત સુવિધાઓની સાથે સામાજિક માળખુ સંતુલિત રહે તે હેતુથી ‘બેટી બચાવો’ આંદોલન અને ‘કન્યા કેળવણી રથયાત્રા’ તથા મહિલાઓની જનભાગીદારીની ઝુંબેશ ઉપાડી છે. માત્ર વાત નહી ‘મિશન મંગલમ્’ જેવા કાર્યક્રમ હેઠળ ૧ હજાર કરોડ કરતા વધુ રૂપિયાની જવાબદારી સખીમંડળના હાથમાં સોંપી સામાજિક સમાનતાને નવી ઉંચાઈઓ બક્ષી છે. તેમજ વાંચે ગુજરાત, નિર્મળગુજરાત, ખેલ મહાકુંભ જેવા સામાજિક જનઆંદોલનો થકી જનચેતના જગાવી છે. ગુજરાત મૉડેલને સમગ્ર દેશમાં સ્વીકૃતિ અને વિદેશમાં પણ પ્રશંસાને રાજ્ય સરકારની પ્રશાસનીક સિદ્ધિ ગણાવી તેમણે જણાવ્યું હતું કે ‘ગરીબ કલ્યાણ મેળા’, ‘આપણો તાલુકો - વાયબ્રન્ટ તાલુકો’, ‘ઈ ગ્રામ’, ‘જનેસવા કેન્દ્રો’ જેવા પ્રકલ્પોને અમલમાં મૂકી વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડી એકાત્મ માનવવાદને સરકારે સાર્થક કર્યો છે.

શ્રી રૂપાલાએ અંતમાં ગુજરાત સરકારની દસે દિશાના વિકાસની ગાથાને ભારતના વિકાસની રાજનીતિના એક અનોખા અધ્યાય તરીકે લેખાવી જણાવ્યું હતું કે શાંતિ અને સલામતી સાથે સ્થિર અને પ્રગતિશીલ સુશાસન આપનાર ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે ગુજરાતને ૧૦ વર્ષથી સુશાસન આપ્યું છે તે માટે ભારતીય જનતા પાર્ટીને ગર્વ અને આનંદ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર વિવિધ સરકારી અને ખ્યાતનામ સંસ્થાઓદ્વારા સામાજિક વિકાસ ઉપયોગી અનેકવિધ ગુજરાતના લોકપયોગી કાર્યોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરાવ્યું છે તેના માટે સમગ્ર ગુજરાત ભાજપ ગર્વ અનુભવે છે. •

## કર્ણાવતી મહાનગરની ‘વિકાસ કૂચ’ બાઈક રેલીને રૂપાલાજીએ પ્રસ્થાન કરાવ્યું

કર્ણાવતી મહાનગર ભાજપની વિશાળ બાઈલ રેલીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ પ્રસ્થાન કરાવી હતી. માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનને ૧૦ વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણીના ભાગરૂપે વિશાળ રેલી યોજાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધતા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે ૧૦ વર્ષનું લાંબાગાળાનું શાસન સંભાળ્યું એ વ્યક્તિગત સાર્વજનિક તેમજ દેશના ભાજપના કાર્યકર્તાઓ અને શુભેચ્છકો માટે ગૌરવપૂર્ણ ઘટના છે. રાજ્ય, દેશ અને દુનિયાએ ગુજરાતના ગતિશીલ વિકાસની નોંધ લીધી છે. તેમણે વિરોધીઓ પર કટાક્ષ કરતા જણાવ્યું છે કે કેટલાય લોકો શાસનની ધુરા સંભાળવા માટે લાઇન લગાવીને બેઠા છે. ઘણાના ચહેરાઓની કરચલીઓ બદલાઈ ગઈ છે પણ સત્તામાં આવવાનો એમનો મેળ પડતો નથી. તેમને ૧૦ વર્ષના શાસનમાં કાર્યકર્તાઓ પણ એટલા જ અભિનંદનને પાત્ર ગણાવ્યા હતા. આ રેલી પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા,પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિક પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ કાનાજી ઠાકોર, અમદાવાદના મેયર શ્રી અસિતભાઈ વોરા, તેમજ કોર્પોરેટરશ્રીઓ શહેર વોર્ડના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અન્યાય હટાવો - ગુજરાત બચાવો - કર્ણાવતીમાં માનવ મહેરામણ છલકાયો

# કોંગ્રેસ પાછલા બારણેથી સરકાર ચલાવવાનું બંધ કરે - નરેન્દ્રભાઈ મોદી



### ગુજરાતને દુશ્મન રાજ્ય ગણી અન્યાય કરવાને બદલે વિકાસની સ્પર્ધાનો મુકાબલો કરો

### જનતા જનાર્દન મારે માટે ઈશ્વર સમાન છે

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે કર્ણાવતીના વસ્ત્રાલ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી આયોજિત 'અન્યાય હટાવો, ગુજરાત બચાવો' મહારેલીમાં ગુજરાતના જિલ્લે જિલ્લેથી ઊમટી પડેલી લાખોની જનમેદનીને સંબોધતાં ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ મહારેલીને દેશના રાજકીય ઇતિહાસની એક વિરલ ઘટના બતાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ૨૦૦૯થી અમે રાજ્યપાલ પદનું ગૌરવ જળવાય તે માટે મૌન ધારણ કર્યું છે તથા કડવા ઘૂંટડા ગળ્યા છે, કારણ કે અમને માત્ર ને માત્ર ગુજરાતના વિકાસમાં રસ છે. પરંતુ કેટલાક લોકો અમારી આ સદ્ભાવના તથા વિવેકને અમારી નબળાઈ સમજી રહ્યા છે.

### રાજભવન બન્યું કોંગ્રેસભવન

૨૦૦૪માં મનમોહનસિંઘની સરકાર રચાઈ તેના ૨૪ કલાકમાં જ કોંગ્રેસે ગુજરાત સરકારને કલમ ૩૫૬ની ધમકીઓ આપવાની શરૂ કરી હતી. ત્યારથી આજદિન સુધી વિકાસને વરેલી આ સરકારને અસ્થિર કરવા અનેક ષડયંત્રો ચાલ્યાં છે, પરંતુ તે વખતે ગવર્નર તરીકે માન. શ્રી પંડિત નવલકિશોર શર્માજી હતા. શ્રી શર્માજી વિદ્વાન હતા. વકીલ હતા, દેશભક્ત હતા તથા બંધારણના જાણકાર હતા. પરિણામે અમારી સરકાર વિરુદ્ધના કોંગ્રેસના કાવતરાઓને તેમણે સફળ થવા દીધા ન હતા. પરંતુ છેલ્લાં ત્રણ વર્ષથી કોંગ્રેસે રાજભવનનો કબજો લઈ લીધો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિંહલલકાર કરતાં ગુજરાતના ગવર્નરને સંબોધીને કહ્યું હતું કે

### માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનમાંથી

- વિરાટ જનશક્તિ મારા માટે વોટ બેંક નથી, ઈશ્વરનું રૂપ છે, પરમાત્માનો અંશ છે.
- આ લડાઈ છે ન્યાય માટેની... સ્વાભિમાન માટેની... બંધારણના અધિકારોના જતન માટેની...
- વિકાસનો વાવટો ગુજરાતમાં ફરક્યો છે, ત્યારે દેશ ભ્રષ્ટાચારમાં ડૂબ્યો છે.
- ૧૦ વર્ષમાં, ૫ ચૂંટણીમાં જનસમર્થન મેળવ્યું છે.
- નવનિર્માણની જેમ દેશનિર્માણ માટે રણટંકારનો સમય છે.
- કોંગ્રેસ દેશ માટે બોજ – કેન્દ્રમાં લૂંટની ભાગીદારીનો ઝઘડો છે.
- ગુજરાતનું હિત હૈયે છે, પ્રાથમિકતા છે, માટે ભારે હૈયે દુઃખી મન સાથે જનઆક્રોશ અભિવ્યક્ત થયો છે.
- ૬ કરોડ જનતાની શક્તિ, પુરુષાર્થથી ગુજરાતની પ્રગતિ.
- ગુજરાતનું યોગદાન, રાષ્ટ્રહિતમાં.
- વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આગામી વર્ષ યુવાશક્તિ વર્ષ તરીકે ઊજવાશે.

મહામહિમ રાજ્યપાલજી, તમે આ મહારેલીના મિજાજને જોઈ લેજો. આ અવાજ એ ગુજરાતનો અવાજ છે. ગુજરાતની આ જનતા તેમના દ્વારા ચૂંટાયેલી સરકારને કાવતરાખોરોની સાજિશનો ભોગ બનવા નહીં દે.

કેન્દ્રની યુપીએ સરકાર દેશમાં જ્યાં જ્યાં વિરોધ પક્ષોની સરકારો છે તેમની વિરુદ્ધ કાવતરાં કરે છે. તેમના વિકાસમાં રોડાં નાંખે છે. કોંગ્રેસની આ પ્રવૃત્તિ દેશના સંસદીય ઢાંચાને નુકસાન કરશે. કોંગ્રેસે સંયમ જાળવી મર્યાદાઓનું પાલન કરવું પડશે નહીંતર તેનાં માઠાં પરિણામો દેશને ભોગવવાં પડશે.

### ભૂતકાળની એનડીએ સરકારનો સૌ રાજ્યો પ્રત્યેનો સાલસ અને સમદૃષ્ટિ વ્યવહાર

કેન્દ્રની હાલની યુપીએ સરકારના આવા વલણથી અલગ એનડીએનું શાસન હતું. એનડીએના શાસનમાં દેશની કોઈપણ રાજ્ય સરકારોને કોઈપણ પ્રકારે કનડગત થઈ ન હતી. કોંગ્રેસને ચેતવણી આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે તે પાછલા બારણેથી સરકાર ચલાવવાનું બંધ કરે. કોઈ એક રાજ્યમાં બે સરકારો શક્ય નથી. કોંગ્રેસ રાજ્યપાલના માધ્યમથી સરકાર ચલાવવાનો પ્રયત્ન કરી રહી છે. કોંગ્રેસ રાજ્યપાલની જિલ્લા મીટિંગો ગોઠવે છે. અધિકારીઓને બોલાવી તેમને સીધા હુકમો છોડે છે. કોંગ્રેસે રાજભવનને કોંગ્રેસભવનમાં ફેરવી નાંખ્યું છે.

સબજ્યુડીશ એવા લોકાયુક્તના મામલે મૌન.........મુખ્યમંત્રીશ્રીએ રાજ્યપાલની ગુજરાત વિરોધી માનસિકતા પર પ્રહારો કરીને જણાવ્યું હતું કે આ મહારેલી દ્વારા અમારો અવાજ પહોંચાડવાનો અમે પ્રયત્ન કર્યો છે.

### કેન્દ્ર સરકારનો ગુજરાત પ્રત્યે દુશ્મનપ્રદેશ જેવો વ્યવહાર

કેન્દ્રની કોંગ્રેસ સરકાર ગુજરાતને દુશ્મનપ્રદેશ ગણતી હોય તેમ લાગી રહ્યું છે. ધોમધખતા તડકામાં કાળી મજૂરી કરી

**દિલ્હીમાં સત્તામાં બેસેલા કુંભકર્ણોને જો આંખો હોય તો ગુજરાતની પ્રજાનો ગુજરાતને કેન્દ્ર તરફથી થઈ રહેલા અન્યાયનો આ જડબાતોડ જવાબ જોઈ લે**



## અન્યાય હટાવો, ગુજરાત બચાવો રેલી એ રેલી નહીં રેલો છે

**- પરસોત્તમ રૂપાલા**

અન્યાય હટાવો, ગુજરાત બચાવો રેલીને પોતાની કાઠિયાવાડી શૈલીમાં સંબોધન કરતાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, આ રેલી નહીં રેલો છે. દિલ્હીમાં સત્તામાં બેસેલા કુંભકર્ણોને જો આંખો હોય તો ગુજરાતની પ્રજાનો ગુજરાતને કેન્દ્ર તરફથી થઈ રહેલા અન્યાયનો આ જડબાતોડ જવાબ જોઈ લે. શ્રી રૂપાલાજીએ કહ્યું કે, 'આપણે ઉપવાસ પર બેઠા તો તેઓ પણ ઉપવાસ પર બેઠા. આપણે ફાગવેલ ગયા, તેઓ પણ ફાગવેલ આવ્યા. હું માધ્યમિક બોર્ડને વિનંતી કરું છું કે, કોંગ્રેસના આ કલબલિયા નેતાઓ ઉપર અમારી કોપી કરવાનો કેસ કરે.' ગુજરાતની ભાજપ સરકારનું નેતૃત્વ શ્રી નરેન્દ્રભાઈએ સંભાળ્યું છે ત્યારથી ગુજરાતે તમામ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ ઐતિહાસિક વિકાસ સાધ્યો છે અને તેની પ્રશંસા અમેરિકાએ પણ કરી છે. ભારત સરકાર જેટલા રીપોર્ટ બહાર પાડે છે તે બધામાં ગુજરાતના વિકાસના આંકડાઓથી જ દેશનો સારો વિકાસ દેખાડી શકાય છે. ગુજરાત વિકાસનું એંજિન છે. પરંતુ મિત્રો કોંગ્રેસીઓને વાંધો એ છે કે, આ એંજિનના ડ્રાઈવર માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી છે.

ગુજરાતનાં શહેરોના નાના-નાના બાંધકામના પ્રશ્નોને કાયદેસરતા આપતું વિધેયક વિધાનસભામાં પસાર કર્યું, ત્યારે તો કોંગ્રેસે તેને ટેકો આપ્યો, પણ પાછળથી રાજ્યપાલને ફૂંક મારીને લોકહિતની આ બાબતને કાયદો બનાવતાં અટકાવ્યો છે. તેવી જ રીતે મહિલા અનામતનો કાયદો પણ રાજ્યપાલે નામંજૂર કર્યો છે. માટે રાજ્યપાલને પરત બોલાવવા આ જનમેદની ગુજરાતભરમાંથી ભાદરવાના કાળા તડકે અહીં આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી છે.

શ્રી રૂપાલાજીએ એ વાત યાદ કરાવતાં કહ્યું હતું કે, 'જ્યારે શંકરસિંહ મુખ્યમંત્રી હતા, ત્યારે આજ કોંગ્રેસે તેમનાં કૌભાંડો માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને આવેદનપત્રો આપ્યાં હતાં.' માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી આ કૌભાંડોની તપાસ માટે પણ તપાસપંચ રચે જેને કારણે ભ્રષ્ટાચારની બુમરાણ કરતા કોંગ્રેસીઓની ઘો તેને ઘરે પરત આવી જશે. કેગના રીપોર્ટનો તલસ્પર્શી અભ્યાસ કરીને શ્રી રૂપાલાજીએ જણાવ્યું હતું કે, કેન્દ્રની સરકારનાં છેલ્લાં પાંચ વર્ષના કેગે વાંધો લીધેલા રૂા. ૫,૮૦,૨૬૮ હજાર કરોડનો જવાબ કોંગ્રેસ આપે. કોંગ્રેસ જે જે રાજ્યમાં સત્તા પર છે ત્યાં ભ્રષ્ટાચારી કુળ પોતાનું પોત પ્રકાશી રહ્યું છે. કોટનની નિકાસ પર પ્રતિબંધ અને મટનની નિકાસ પર સબસીડી એ કોંગ્રેસની કેવી નીતિ છે ? અને સામા પક્ષે ભાજપનું આ ગૌરવ છે કે, ગુજરાતના નાથ એવા મુખ્યમંત્રીશ્રીનું તેમના જન્મદિને તેમનાં માતુશ્રી સાથેનું સાદગીભર્યું દૃશ્ય એ પ્રમાણિકતાના વિચારબીજને ખરા અર્થમાં સંતોષ આપે છે. અંતમાં તેમણે ગુજરાતના વિકાસને સહયોગ કરવાના બદલે કોંગ્રેસના કહેવાથી આમજનતાના હિતને અટકાવતા રાજ્યપાલને અટકી જવા કહ્યું હતું અને ગગનભેદી નારાઓ લગાવ્યા હતા કે, ગવર્નર ગો બેક...

# પંડિત દીનદયાળજીની વિચારધારાને રાહબર બનાવી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપ સરકારે ગુજરાતને શ્રેષ્ઠ ઊંચાઈ પર પહોંચાડ્યું છે - આર. સી. ફળદુ



ભાજપાના પ્રદેશ પ્રમુખ શ્રી આર. સી. ફળદુસાહેબે વિશાળ જનસમુદ્રને જયઘોષ કરાવી જણાવ્યું હતું કે, આજે ૨૫ સપ્ટેમ્બર, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની ૯૫મી જન્મજયંતી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના એકાત્મ માનવદર્શનનું ચિંતન એ આપણું રાહબર છે અને એટલે જ ગુજરાત સરકાર માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેવાડાના માનવીના ઉદ્ધાર માટે કાર્યરત છે. સૌને સાથે લઈને માન. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને એક નવી ઊંચાઈ આપી છે. તમામ ક્ષેત્રમાં ગુજરાતને મોખરાનું સ્થાન અપાવ્યું છે. સામા પક્ષે કોંગ્રેસે શ્રી નરેન્દ્રભાઈ સામે અવરોધો પેદા કરવામાં પાછી પાની કરી નથી. છેલ્લા દસકાથી કોંગ્રેસ ગુજરાતના વિકાસ સામે રોડાં નાંખી રહી છે, પરંતુ શ્રી નરેન્દ્રભાઈએ તેમના પથ્થરોનો ઉપયોગ કરીને ગુજરાતના વિકાસની સીડી તૈયાર કરી રહી છે. સદ્‌ભાવના મિશન દ્વારા શ્રી નરેન્દ્રભાઈએ તેમની બદબોઈ કરનારા પ્રત્યે પણ સદ્‌ભાવના વ્યક્ત કરીને જીવનના આદર્શોની શ્રેષ્ઠતમ ઊંચાઈ પ્રાપ્ત કરી છે. ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી આવી રહી છે, ત્યારે આવી સદ્‌ભાવનાની સુવાસ ફેલાવી, વેરઝેરની રાજનીતિથી ઉપર ઊઠીને સદ્‌ભાવના મિશનના સંસ્કાર ઉજાગર કરીએ.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજાજીવનની હાલાકીને દૂર કરવા કેટલાક વિધેયકો ગુજરાત વિધાનસભામાં પાસ કરવામાં આવ્યા છે. આવા વિધેયકોને ક્ષુલ્લક બાબતો ઊભી કરીને નામદાર રાજ્યપાલ દ્વારા પાછા મોકલાયાં. ચૂંટાયેલી લોકપ્રિય સરકારે પ્રજાહિતના વિધેયકો જ્યારે વ્યાપક દૃષ્ટિકોણથી વિધાનસભામાં પાસ કર્યાં ત્યારે અસંગત કારણો દર્શાવી નામંજૂર કરવાના મનસ્વી નિર્ણયો સામે ગુજરાત ભારતીય જનતા પાર્ટીની આજની સભા રાજ્યપાલ કમલા બેનીવાલને રાજ્યપાલ પદેથી પરત બોલાવવા આ સાથે ઠરાવે છે. ચૂંટાયેલી સરકારની કામગીરીમાં ઈમ્પેક્ટ વિધેયક, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦% પ્રતિનિધિત્વ, નશાબંધીના કાયદાના કડક અમલ માટેનું વિધેયક, યુનિવર્સિટીઓના સંચાલનમાં હસ્તક્ષેપ તેમજ જનમતથી ચૂંટાયેલી લોકપ્રિય રાજ્ય સરકારની અવગણનાને ધ્યાનમાં રાખીને જનતા આ સાથે પોતાનો આક્રોશ રાજ ભવન સામે વ્યક્ત કરે છે અને રાજ ભવનને કોંગ્રેસ ભવન બનાવનાર રાજ્યપાલને કેન્દ્રની કોંગ્રેસ સરકાર તત્કાલ પરત બોલાવે તેવી માંગણી કરે છે.

અનાજ ઉગાડતા ગુજરાતના ખેડૂતોને કેન્દ્ર સરકાર પૂરતું વળતર આપતી નથી. જરૂરી ખાતર કરતાં ત્રીજા ભાગનું ખાતર મળે છે. ખેડૂત ખેતી કરે તો કેવી રીતે ? ગુજરાતની જનસંખ્યા ૫ કરોડ થી ૬ કરોડની થઈ છે. વસ્તી વધે તેમ ચીજવસ્તુઓનો ક્વોટા વધવો જોઈએ પરંતુ ગુજરાતના ખેડૂતોને કેન્દ્ર સરકાર પરેશાન કરે છે.

હમણાં અચાનક કેન્દ્ર સરકારે ગુજરાતને મળતા કુલ કેસોસીનના જથ્થાને બદલે માત્ર ત્રીજા ભાગનું કેરોસીન આપ્યું. ગુજરાતના ગરીબ માણસના ઘરમાં કેરોસીન વિના દીવો કેવી રીતે થશે ? રસોઈ કેવી રીતે થશે ? ગુજરાતનો શું ગુનો છે ?

ગુજરાત વિકાસ કરે છે. દેશ-દુનિયામાં ગુજરાતનાં વખાણ થાય છે તે શું તમને નથી ગમતું ? કેન્દ્રની કોંગ્રેસના વડપણવાળી યુપીએ સરકાર ગુજરાતના ગરીબો, ખેડૂતોનું લોહી ચૂસવાનો કારસો કરી રહી છે.

ગુજરાતમાં બંદરોનો અમે ઘણો વિકાસ કર્યો છે. આ બંદરો થકી ભારતના અન્ય પ્રદેશોના વ્યાપાર, ધંધા, ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે. પરંતુ બંદરોને જોડતા રસ્તાના બાંધકામમાં કેન્દ્ર સરકાર કોઈ મદદ કરતી નથી.

રાજ્યોના પ્રાથમિક શાળાઓના શિક્ષકોના પગાર કેન્દ્ર સરકાર ચૂકવે છે. બાળકોના ગણવેશ-પુસ્તકોનો ખર્ચ કેન્દ્ર સરકાર આપતી હોય છે. પરંતુ કેન્દ્રમાં યુપીએ સરકાર આવતાંની સાથે જ ગુજરાતને મળતી આ રકમો બંધ કરી દેવામાં આવી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે દિલ્હીની સલ્તનત કાન ખોલીને સાંભળી લે કે ગુજરાતના વિકાસથી દેશમાં સૌનું ભલું થવાનું છે. તેથી તમારું નામ પણ રોશન થવાનું છે, પરંતુ જો તમે ગુજરાતનો વિરોધ કરશો તો તમારી છાતી ઉપર પગ મૂકીને પણ ગુજરાત વિકાસ કરતું રહેશે.

## 'ચલો તાલુકે' એક અનોખું અભિયાન

ગુજરાતમાં હમણાં અમે ચલો તાલુકેનું અભિયાન આદર્યું છે. આ અભિયાન દેશનું આ પ્રકારનું સૌ પ્રથમ અભિયાન છે. આ અભિયાન દ્વારા અમે વિકાસનું એક આગવું મૉડેલ દેશની સમક્ષ મૂકવા માંગીએ છીએ. 'સૌનો સાથ - સૌનો વિકાસ' આ સૂત્ર સાથે અમે લોક-ભાગીદારીને વિકાસનો પાયો બનાવ્યો છે.

## ગુજરાતની તિજોરી પર કોઈ નાપાક પંજો પડવા દઈશું નહીં

દિલ્હી આખું આજે ભ્રષ્ટાચારમાં ડૂબી ગયું છે. રોજ નવા આરોપો તથા નવા પુરાવા ઊભા થતા જાય છે. કેન્દ્રની સરકારે ભ્રષ્ટાચારની તમામ મર્યાદાઓ વટાવી દીધી છે.

પરંતુ ગુજરાતમાં અમે ભ્રષ્ટાચારને પરાસ્ત કર્યો છે. અહીં સચિવાલયમાં

કટકીબાજો અને વચેટિયાઓની દુકાનો બંધ થઈ ગઈ છે.

ગુજરાતની તિજોરીનું ધ્યાન રાખવા અમે ચોકીદાર બનીને બેઠા છીએ. ગુજરાતની તિજોરી પર અમે કોઈ નાપાક પંજો પડવા દઈશું નહીં. આજે ગુજરાતને દરેક ખૂણે ખૂણે વિકાસનાં કામો ચાલી રહ્યાં છે. આજે ગામડાના લોકો વાળુંપાણી પતાવી ચોકમાં ચર્ચા કરવા બેસે છે ત્યારે એકબીજાને પૂછે છે કે આ મોદી આટલા રૂપિયા લાવે છે ક્યાંથી ?! પરંતુ હકીકત એ છે કે પહેલાં વિકાસ માટેનો રૂપિયો સગેવગે થઈ જતો હતો અને આજે એ પૂરેપૂરો વિકાસ માટે ખર્ચાય છે.

### કોંગ્રેસનાં જૂઠાણાં

કોંગ્રેસને જૂઠાણાં ફેલાવવાનો તાવ ચઢ્યો છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર થયો હોવાના ગપગોળા છોડી રહી છે, પરંતુ ગુજરાતની જનતા તેને માફ નહીં કરે. કોંગ્રેસના આક્ષેપોની ચકાસણી માટે આપણે જસ્ટીસ શાહ કમિશન નીમ્યું છે અને તેથી ખુદ કોંગ્રેસ ગભરાઈ ગઈ છે કારણ કે આપણે કમિશનને કહ્યું છે કે ૧૯૮૦થી આજ દિન સુધીની તમામ સરકારોની તે તપાસ કરે અને તેથી ભયભીત કોંગ્રેસ ઘાંઘી થઈ ગઈ છે.

### ગુજરાત આપે છે રોજગારી

ગુજરાત આખા દેશમાં સૌથી વધુ રોજગારી પૂરી પાડે છે. ખુદ કેન્દ્ર સરકારના એક રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા વર્ષે દેશમાં જે કુલ નવી રોજગારીનું સર્જન થયું એમાં એકલા ગુજરાતે ૭૨% અને બાકી ૨૮%માં આખા દેશના અન્ય રાજ્યોએ રોજગારી આપી છે.

### 'I CREAT' : એક અનેરી પહેલ !

હમણાં ગુજરાત સરકારે 'I Creat' નામની સંસ્થાની સ્થાપના કરી છે. આ સંસ્થાના માર્ગદર્શક આઈટી ક્ષેત્રના મહાગુરુ શ્રી નારાયણમૂર્તિ છે. આ સંસ્થા ગુજરાતના નવયુવાનોના વિકાસ માટે કામ કરશે. અગાઉ કોમર્સનો વિદ્યાર્થી છેક સુધી કોમર્સનો જ અભ્યાસ કરી શકતો હતો. તે પોતાની મનપસંદ લાઇન બદલી શકતો ન હતો. અમે આમાં બદલ કરીને વિદ્યાર્થીઓ માટે વચ્ચેથી અભ્યાસની લાઈન બદલી શકાય તેવો નિયમ બનાવ્યો છે. ધો. ૯ પાસ વિદ્યાર્થી I.T.I. કરે તો તેને ધો. ૧૦ સમકક્ષ ગણવો અને ધો. ૧૦ પછી I.T.I. કરે તો તેને ધોરણ ૧૨ સમકક્ષ ગણવો તેવો નિયમ વિદ્યાર્થીઓના હિતમાં બનાવ્યો છે.

## મહારેલીની સાથે સાથે

- આ મહારેલીમાં વિશાળ મંચ ઉપર લખેલાં ચોટદાર સૂત્રોએ જનતાનું વિશેષ ધ્યાન આકર્ષ્યું હતું. અન્યાય હટાવો - ગુજરાત બચાવોનું મુખ્ય સૂત્ર આજની આ મહારેલીની ધ્રુવપંક્તિ સમાન હતું તે ઉપરાંત-
- અબ જાગ ઉઠો કમર કસો, મંજિલ કી રાહ બુલાતી હૈ, લલકાર રહી હે હમકો દુનિયા ભેરી આવાજ લગાતી હૈ. નું સૂત્ર લોકો તથા કાર્યકર્તામાં જોશ ભરતું હતું.
- પિરામિડ આકારમાં સફેદ તથા કેસરી રંગોમાં સજાવેલો સ્ટેજ મંડપ રાષ્ટ્રીય તથા પ્રદેશના નેતાઓના પ્રભાવશાળી ફોટાઓથી સુશોભિત હતો.
- હજારો-હજારોની સંખ્યામાં બહેનો માથે ટપકાંવાળી કેસરી હેટ પહેરી હાથમાં ભાજપના કમળના નિશાનવાળા ધ્વજો લહેરાવતાં હતાં, જેનાથી એક મનોહર દશ્ય સર્જાતું હતું.
- ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુ તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા સ્ટેજ પર હાજર થયા હતા. આ ત્રણે નેતાઓએ મંચના અગ્રભાગે આવી એકબીજાના હાથમાં હાથ લઈ, ઊંચા કરી ગુજરાતભરમાંથી આવેલી લાખોની જનમેદનીનું અભિવાદન કર્યું હતું. આ તબક્કે તમામ જનમેદની હર્ષના આવેગ સાથે પોતાના સ્થાન પર ઊભી થઈ ગઈ હતી તથા પોતાના હાથમાં કમળધ્વજને લહેરાવી ખુશી વ્યક્ત કરી હતી. મેદનીએ ભારતમાતા કી જય, વંદે માતરમ્ જેવા નારાઓથી વાતાવરણ ગજવ્યું હતું.
- દૂર-દૂર સુધી બેઠેલી જનમેદની મંચ પર બેઠેલા નેતાઓને જોઈ શકે તે માટે સમગ્ર મેદાનમાં ઠેર-ઠેર વિશાળ કદના એલસીડી સ્ક્રીન મૂકવામાં આવ્યા હતા.
- ભારે ગરમીમાં પણ વિશાળ રેલીમાં પધારેલા લાખો કાર્યકર્તાઓ તથા ભાજપના સમર્થકોએ ગજબની શિસ્ત, સંયમ તથા શાંતિ સાથે કાર્યક્રમની શોભા વધારી હતી. ભાદરવાના ઓતરા ચિતરાના તાપમાં વચ્ચે-વચ્ચે પ્રચંડ સૂરજને ઢાંકી દેતી અલપ-ઝલપ વાદળીઓ લોકોને શાતા આપતી હતી.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ્રવચન દરમ્યાન લોકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળતો હતો. તેમના પ્રવચનમાં તેમને દાદ આપતી જનતા વચ્ચે-વચ્ચે ભારત માતા કી જય, વંદે માતરમ્, જય જય ગરવી ગુજરાત, નરેન્દ્રભાઈ તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ જેવા નારાઓથી વાતાવરણને ગુંજવી રહ્યા હતા.

### ૨૦૧૨ - યુવાશક્તિ વર્ષ

આવતા વર્ષે વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતી આવી રહી છે. સમગ્ર દેશ તથા ગુજરાતમાં આ જન્મજયંતીને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. વિવેકાનંદજી હંમેશથી યુવાનોના પ્રેરણાદાયી રહ્યા છે અને તેથી આ વર્ષને આપણે યુવાશક્તિ વર્ષ તરીકે ઊજવવાના છીએ. બહેનો માટે ૫૦% અનામત લઈને જ જંપીશું માતાઓ તથા બહેનોના માટે આપણે લડત આપી રહ્યા છીએ. આપણા ગવર્નર એક મહિલા હોવા છતાં

મહિલાઓ માટેના ૫૦% અનામતના બિલને પાસ થવા દેતાં નથી. પરંતુ મારી બહેનો હું આપને ખાતરી આપું છું કે આજે નહીં તો કાલે આપણે આ બિલ ઉપર ગવર્નરનો સિક્કો પડાવીને જ રહીશું.

## મિશન મંગલમ્ : મહિલા સશક્તિકરણ

આપણે ગુજરાતમાં મિશન મંગલમ્‌ના માધ્યમથી મહિલાઓનું એમ્પાવરમેન્ટ કરવા કૃતનિશ્ચયી છીએ. આ મિશન મંગલમમાં ૨ લાખ જેટલાં સખી મંડળો જોડાયેલાં છે. ૨૫ લાખ બહેનો તેનાં સભ્ય છે. સરકારે તેમના હાથમાં ૧૦૦૦ કરોડ મૂક્યા છે. સરકાર તેમના હાથમાં ૫૦૦૦ કરોડ મૂકવા માંગે છે. આ રીતે ગુજરાતની માતૃશક્તિને ગુજરાતના વિકાસમાં જોતરવી છે. આખા દેશમાં માતા-બહેનો માટે આ એક માત્ર સરકારે આટલું મોટું બજેટ ફાળવ્યું છે.

## કોંગ્રેસનું કાળાબજાર

દિલ્હી, મુંબઈ તથા જયપુરમાં સીએનજી જે ભાવે મળે છે તેના કરતાં ગુજરાતમાં રૂા. ૧૪ વધારે લેવામાં આવે છે. કેન્દ્રની આ એક અન્યાયભરી પદ્ધતિ છે. ઉપરનાં શહેરોમાં કોંગ્રેસની સરકારો છે, તેથી ત્યાં સસ્તો સીએનજી અને ગુજરાતમાં મોંઘો. ગુજરાતના રિક્ષાચાલકો આનાથી પરેશાન છે. ગુજરાતના લોકોને આ અન્યાય શા માટે ?

## કોંગ્રેસ સરકાર સીએનજીમાં પણ કાળા બજાર કરી રહી છે

કેન્દ્ર સરકાર આજે રોજ ઊઠીને સુપ્રીમ કોર્ટનાં ચક્કર કાપી રહી છે. તેમણે પોતે ખાડો ખોદ્યો હતો અને તે પોતે જ તેમાં પડ્યા છે. ઈશ્વર અમારી સાથે છે. કેન્દ્રને તેમનાં કરતૂતો ભારે પડી રહ્યાં છે.

## વિવાદ નહીં, વિકાસ

ગુજરાતને ભાંડવું એ કોંગ્રેસ માટે ફેશન થઈ ગઈ છે. મેં દિલ્હીને કહ્યું છે, આવી માનસિકતામાંથી બહાર આવો. એના કરતાં, આવો, આપણે વિકાસની સ્પર્ધા કરીએ. તમારી સરકાર મોટી, મારી સરકાર નાની, તમારું તંત્ર મોટું, મારું તંત્ર નાનું, તમારી તિજોરી મોટી, અમારી તિજોરી નાની તેમ છતાં આપણે રસ્તા બનાવીએ, આપણે બંદરો બનાવીએ અને જોઈએ કોણ ઝડપી, ટકાઉ તથા કિફાયતી કામ કરે છે. વિકાસમાં નહીં માનનારી કોંગ્રેસ હંમેશથી વિવાદો ઊભા કરવામાં જ માને છે.

## મોંઘવારી ઘટાડવા માટે કોંગ્રેસ ગંભીર નથી

થોડા વખત પહેલાં મોંઘવારી અંગે દેશના મુખ્યમંત્રીઓની એક મીટિંગ કરી. વડાપ્રધાને આ મીટિંગના અંતે ૪ કમિટીઓ બનાવી. એમાંની એક કમિટીનો અધ્યક્ષ મને બનાવ્યો. મને મનમોહનસિંઘજીએ કહ્યું, મોદીજી મોંઘવારીને કાબૂમાં લેવા માટેનું આપનું માર્ગદર્શન અમને જોઈએ છે. આઠ મહિના પહેલાં મારી કમિટીએ આ સૂચનોની ફાઈલ સરકારને સોંપી છે, પરંતુ સરકારે આજ સુધી એ ફાઈલનું પૂઠું પણ ખોલ્યું નથી. આ છે કેન્દ્રની કોંગ્રેસ સરકારની મોંઘવારી અંગેની ગંભીરતા !

કોંગ્રેસના શાસનમાંથી આજે ગુજરાતની પ્રજા આઝાદ છે. છેલ્લાં ૨૦ વર્ષોથી ગુજરાત બચી ગયું છે. નહીંતર આજે ગુજરાતની જનતા તોબા પોકારી ગઈ હોત. છેલ્લાં ૧૦ વર્ષમાં ગુજરાતમાં પાંચ મોટી મોટી ચૂંટણીઓ આવી ગઈ, પરંતુ કોંગ્રેસના મિત્રોનો કોઈ મેળ પડતો નથી. કોંગ્રેસીઓ ક્યાંય શોધ્યા જડતા નથી. કારણ એટલું જ કે આજે પણ કોંગ્રેસ પ્રજાના દિલમાં સ્થાન મેળવી શકી નથી અને સતત હારતી કોંગ્રેસ જૂઠાણાંઓના સહારે લોકોને ગુમરાહ કરવા હવાતિયાં મારી રહી છે. 'કોંગ્રેસના મિત્રોને મારે કહેવું છે કે એક વખતે જે માણસ સૌથી મોટો ભ્રષ્ટાચારી છે' એવું આવેદનપત્ર રાજ્યના ગવર્નર તથા રાષ્ટ્રપતિને આપ્યું હતું તથા તે માણસની સરકારને આપેલો ટેકો તમે પાછો ખેંચ્યો હતો એ જ માણસને આજે તમે માથે લઈને ફરી રહ્યા છો. મારી સરકાર કોંગ્રેસે જે આવેદનપત્ર આપ્યું હતું તે બહાર કઢાવશે અને તેને સાર્વજનિક કરશે.

## મનમોહનસિંઘજી એક જમાનામાં સારા માણસ હતા

કોંગ્રેસ એક સડેલી કેરી છે. આજે આખા દેશમાં આ સડેલી કેરીની દુર્ગંધ ફેલાઈ ગઈ છે. આપણે જાણીએ છીએ કે એક સડેલી કેરી આખા ટોપલાની સારી કેરીઓને બગાડે છે.

એક જમાનામાં મનમોહનસિંઘની છાપ એક પ્રમાણિક માણસ તરીકેની હતી. અમને પણ તેમની પ્રામાણિકતા વિશે કોઈ શંકા ન હતી. પરંતુ કોંગ્રેસની જોડે રહીને એક જમાનામાં શુદ્ધની છાપ ધરાવતા મનમોહનસિંઘ પણ બગડી ગયા છે.

## ગવર્નરશ્રી અમારે માટે માતૃસ્વરૂપા છે... પરંતુ

આજની આ મહારેલીમાં પાંચ લાખ લોકોની જનમેદની સમક્ષ આપણા અધ્યક્ષશ્રીએ રાજ્યપાલજીને પાછા બોલાવવા અંગેનો ઠરાવ મૂક્યો છે. અમને આ ગમતું નથી, પરંતુ આમ કરવાની અમને ફરજ પડી છે. આપણા ગવર્નર શ્રીમતી કમલાજી જ્યારથી ગુજરાતમાં આવ્યાં ત્યારથી અમે તેમનો ખૂબ આદર રાખ્યો છે. હંમેશાં તેમને 'માતૃસ્વરૂપા' કહીને સંબોધ્યાં છે, પરંતુ ગુજરાત એ અમારી પ્રાથમિકતા છે. ગુજરાતની જનતાની ભલાઈ એ અમારો ધર્મ છે. તેથી અમારે આ લડાઈ લડવી પડી છે. આ લડાઈ ન્યાય માટેની છે; ગુજરાતના સ્વાભિમાન માટેની છે તથા બંધારણના રક્ષણ માટેની આ લડાઈ છે.

## જનતાજનાર્દન ઈશ્વરનું સ્વરૂપ

આવતા મહિને ગુજરાતના જિલ્લે જિલ્લે હું એક એક દિવસના ઉપવાસ કરવાનો છું. આમ કુલ ૨૫ દિવસ ઉપવાસ કરવાનો છું. નવરાત્રી આવી રહી છે, પરંતુ મારા નવરાત્રીના ઉપવાસ ઉપરાંત આ ઉપવાસો હશે. જનતા જનાર્દન એ ઈશ્વરનું રૂપ છે અને જનતાની સેવા એ ઈશ્વરની સેવા સમાન ગણું છું. મને તમારા આશીર્વાદ આપો. ઈશ્વર તમારી સેવા માટે મને શક્તિ આપે.

**ભારતીય જનતા પાર્ટી**
**રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક**
**૩૦ સપ્ટેમ્બર થી**
**૧ ઑક્ટોબર, ૨૦૧૧**





# યુપીએ સરકાર સ્વયં એક ભ્રષ્ટાચારીઓનું ગઠબંધન

ભાજપ માંગણી કરે છે કે શ્રી ચિદમ્બરમ્‌ને કેન્દ્રીય મંત્રીમંડળમાંથી બરખાસ્ત કરવામાં આવે અને ૨જી ભ્રષ્ટાચારના મામલામાં શ્રી એ. રાજાની જેમ તેમના પર પણ કેસ ચલાવવો જોઈએ.

## સંસ્થાનોને નબળા બનાવ્યાં

ભ્રષ્ટાચારમાં પૂરી રીતે ડૂબીને સરકાર જુદાં જુદાં સંસ્થાનોને નબળાં બનાવીને તેમની સાથે સમાધાન કરવામાં લાગેલી છે. મંત્રીમંડળ દ્વારા લેવાયેલા અને સ્વીકૃત નિર્ણયને પ્રધાનમંત્રી દ્વારા એક તરફી બદલવામાં આવી રહ્યો છે. એક સરકારી કરારના રૂપમાં એક ઉચિત પ્રાધિકૃત નોંધ, જેમાં પ્રધાનમંત્રી કાર્યાલય સહિત મંત્રાલયના આંતરિક પરામર્શ પછી તૈયાર કરવામાં આવી હતી, જેને નાણાં મંત્રીએ સ્વીકૃતિ આપી હતી. આજે તેઓ અચાનક પોતાની વાત ફેરવી રહ્યા છે. કારણ કે શ્રી ચિદમ્બરમ્‌ની અપરાધિકતા તરફ ઇશારો થઈ રહ્યો છે. સીએજી અને સીવીસી જેવા સસ્થાનોને સત્તારૂઢ પાર્ટીઓના મંત્રીઓ દ્વારા કરવામાં આવેલા મેલી મુરાદના હુમલાઓનો આ પહેલાં ક્યારેય સામનો કરવો પડ્યો નથી. જે આજે કરવો પડે છે. સીવીસીની પ્રતિષ્ઠા હાઈકોર્ટના હસ્તક્ષેપને કારણે જ બેહાલ થઈ. તેલંગાણા અને મણિપુર બહુ ખરાબ રીતે અશાંત છે. પરંતુ કેન્દ્ર સરકારે તેમની જવાબદારીથી પલ્લુ ફેરવી નાંખ્યું છે. શ્રી ચિદમ્બરમ્ જેવા કોંગ્રેસ મંત્રીઓને બચાવવા અને અન્ય રાજનૈતિક કારણોથી સીબીઆઈનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

## નોટના બદલે વોટના ગોટાળામાં સૂચના આપનારાઓને (વ્હીસલ બ્લોઅર્સ) નિશાન બનાવવામાં આવ્યા

જેવી રીતે દિલ્હી પોલીસને પૂર્વ ભાજપના સાંસદ શ્રી ફગ્ગન સિંહ કુલસ્તે, શ્રી મહાવીર ભગોરા અને સુધીન્દ્ર કુલકર્ણી ઉપર નોટના બદલે વોટના ગોટાળા બદલ કેસ ચલાવવાની માંગ કરવામાં આવી હતી તે ખરેખર બર્બરતાપૂર્વકનું પગલું હતું. આ જગજાહેર છે કે મનમોહન સિંહની સરકાર યુપીએ-૧ દરમ્યાન ભ્રષ્ટ અને ખરાબ રીતે વિશ્વાસનો મત પ્રાપ્ત કર્યો હતો. લગભગ ૧૯ સાંસદોને સરકારના પક્ષમાં ક્રોસ વોટીંગ કરવા માટે પ્રલોભન આપવામાં આવ્યા. વ્હીસલ બ્લોઅર્સ ભારતીય લોકતંત્રના આ સર્વાધિક શરમજનક પ્રકરણનો પર્દાફાશ કરી રહ્યા હતા. ત્રણ વર્ષ સુધી દિલ્હી પોલીસે કોઈ પણ પ્રકારની તપાસ ના કરી. હાઈકોર્ટમાં વારંવાર ફરિયાદ કરવા છતાં આ વાતની તપાસ ના થઈ. આનાથી કોને લાભ થયો ? શ્રી અમરસિંહ યુપીએ-૧માં મંત્રી નોતા. તે તો યુપીએ-૧ના પક્ષમાં વોટ આપવા માટે સાંસદોને પ્રલોભન આપી રહ્યા હતા, આ એક સ્પષ્ટ રૂપથી અતિ મહત્ત્વનો પ્રશ્ન છે. કોંગ્રેસ પાર્ટીને

સરકારના જે નાતાઓને પ્રત્યક્ષ રૂપથી આ ગોટાળાનો લાભ મળ્યો હતો, તેમની ભૂમિકાની તપાસ કરવાને બદલે પોલીસ અને ઉજાગર કરવાવાળા નિર્દોષ વ્હિસલ બ્લોઅર્સને પરેશાન કરી રહી છે, ભાજપ પૂરા જોશથી આમની સાથે છે અને આખા દેશમાં કોંગ્રેસ-નીત યુપીએ સરકારનાં બેવડાં ધોરણોનો પર્દાફાશ કરવા માટે કૃત સંકલ્પ છે.

### કોંગ્રેસ ભ્રષ્ટાચારના વિરોધમાં લડવા માટે ગંભીર નથી

જ્યારે યુપીએ-૨એ પોતાના ૨ વર્ષનો કાર્યકાળ પૂરો કર્યો તો યુપીએની ચેરપર્સન શ્રીમતી સોનિયા ગાંધી તથા પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહ બન્નેને ભ્રષ્ટાચારની બદીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાના સંકલ્પની ઘોષણા કરી હતી. આનાથી મોટી દુર્ભાગ્યપૂર્ણ ઘટના બીજી કઈ હોઈ શકે ? જો ભાજપ દ્વારા એક ઠોસ અભિયાન ના ચલાવવામાં આવ્યું હોત તો મિડિયા આટલું સતર્ક ના બનત અને હાઈકોર્ટની નજર પણ ના હોય તો એક પણ ગોટાળામાં કોઈ કાર્યવાહી ના થઈ શકી હોત. આનાથી વિપરીત સરકાર એ લોકોનાં દુષ્કૃત્યોને દબાવવા માટે પોતાની શક્તિનો દુરુપયોગ કરી રહી છે, જે ભ્રષ્ટાચારના અપરાધીઓ છે. પૂર્વ દૂરસંચાર મંત્રી શ્રી એ. રાજાને પ્રધાનમંત્રી દ્વારા બે વાર નિર્દોષ હોવાનું પ્રમાણ આપવામાં આવ્યું અને આ રીતે એમ પણ કહેવામાં આવ્યું કે શ્રી ચિદમ્બરમ્ પર તેમને પૂરો વિશ્વાસ છે. આથી ઊલટું સરકારે એ લોકોને હેરાન કર્યા જેમણે યુપીએ સરકારની ભૂલો, ભ્રષ્ટાચાર અને અન્ય પ્રકારનાં દુષ્કૃત્યોનો પર્દાફાશ કરવાની ઇચ્છા વ્યક્ત કરી અને જવાબ માંગ્યો. જેવી રીતે અન્ના હજારેને તિહાર જેલમાં પૂરવામાં આવ્યા, જ્યા અન્ય

## શ્રી લાલકૃષ્ણ અડવાણીજીની જન-ચેતના યાત્રા



યુપીએ સરકારે દેશને અસુરક્ષિત અને દુઃખી બનાવ્યા છે. આમ આદમી આ વાતથી પૂરેપૂરો વાકેફ છે. અતિ આવશ્યક ખાદ્ય વસ્તુઓના વધતા જતા ભાવો તેની સાથે રૂપિયાનું અવમૂલ્યન અને એક સામાન્ય મંદીથી તેમનું જીવન દુઃખમય બની ગયું છે. ચારેકોર ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. જેને યુપીએ સરકાર છાવરી રહી છે. પ્રજા પૂરી રીતે આક્રોશિત છે. કેન્દ્ર સરકાર દ્વારા મોટી માત્રામાં સરકારી ધનની લૂંટ નિરાશાની એક પહેલી ભાવના છે. ભ્રષ્ટાચાર રોકવા માટે સરકાર પાસે કોઈ ઇચ્છા શક્તિ રહી નથી. વરિષ્ઠ સ્તર પર અનેક કોંગ્રેસ નેતા પોતાના વિરોધમાં કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં ડર્યા વગર ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી રહ્યા છે અને તેમને સંરક્ષણ પ્રદાન કરવામાં પૂરી રીતે ઓતપ્રોત છે. નિરાશા ભરી આ સ્થિતિમાં શ્રી લાલકૃષ્ણ અવડાણીજીએ આખા દેશમાં એક જન-ચેતના યાત્રા કરવાનો નિર્ણય લીધો છે. જેથી દેશના લોકો ભ્રષ્ટાચારના કેન્સરની સામે એક સુરાજ્યની ઇચ્છાથી જાગૃત બની શકે. ભારતીય રાજનીતિના શિખર પુરુષોમાંના એક શ્રી લાલકૃષ્ણ અડવાણીજીની સ્વચ્છ છબી, રાષ્ટ્ર પ્રતિ નિષ્ઠા અને નિજી ઈમાનદારી ચોખ્ખી છે. ભાજપ - પાર્ટીના દરેક કાર્યકર્તાઓ, સમર્થકો અને આમ જનતાને આહવાન કરે છે કે બધા એક થઈને આગળ આવે અને ભ્રષ્ટાચાર વિરોધી જન-મતના આક્રોશને એક નિર્ણાયક તબક્કે લઈ જવા મથે. અડવાણીજીના નેતૃત્વ હેઠળ પ્રારંભ થઈ રહેલી જન-ચેતના અભિયાનને ગતિ અને શક્તિ પ્રદાન કરવા માટે સકારાત્મક અને સક્રિય યોગદાન આપે. પાર્ટી દેશના લોકોને આહવાન કરે છે કે જ્યાં પણ આ યાત્રા જાય ત્યાં તેઓ મોટી સંખ્યામાં સૌ આવે અને કોંગ્રેસ શાસત યુપીએ સરકારે જે રીતે ભારે ભ્રષ્ટાચાર અને કુશાસન કરીને ભારતને નીચું જોવડાવ્યું છે તેની નિંદા કરે. ભાજપને પૂરો વિશ્વાસ છે કે દેશના લોકો પરિપક્વ છે અને જો મનથી દેશનું ભલું ચાહતા હોય તો આ અવસરનો લાભ ઉઠાવીએ અને સ્વચ્છ રાજનીતિ અને સુરાજ્ય માટે એકવાર ફરી ભારતને જાગ્રૃત કરવાનું વાતાવરણ પેદા કરીએ.

ગોટાળાઓના દોષીઓને પણ રાખવામાં આવ્યા અને પછી રાષ્ટ્રમાં થયેલા હોબાળાને કારણે તેમને છોડી દેવામાં આવ્યા. આ ઘટનાથી માત્ર આ વાતની જ પુષ્ટિ થાય છે. રામલીલા મેદાનમાં અડધી રાત્રે બાબા રામદેવના શાંતિપૂર્ણ સમર્થકો પર પોલીસ દ્વારા બર્બરતાપૂર્ણ લાઠીચાર્જ થયો, જેના કારણે તેમની એક સમર્થક રાજબાલાનું મૃત્યુ થયું. આનાથી એક વાત સ્પષ્ટ થાય છે કે સરકાર એ લોકોનો અવાજ દબાવવાનો એ હદે પ્રયત્ન કરે છે જે તેમને જવાબ આપવાની માગણી કરી રહી છે. ભાજપે હમેશા તેમની વાતને સમર્થન કર્યું છે કારણ કે એ લોકો હમેશા દુઃખની ઊંડી ભાવનાઓને વ્યક્ત કરી રહ્યા હતા. જેનાથી યુપીએ સરકાર દ્વારા ભારે ભ્રષ્ટાચાર કરવા માટે કારણ અનુભવી રહ્યા છે. ઘણા મંત્રીઓને એમના મોટા કાર્યને કારણે, જેમના કોમનવેલ્થ ગેમ્સમાં દિલ્હીની મુખ્યમંત્રી શ્રીમતી શીલા દીક્ષિતની ભૂમિકા સહિત કેગ દ્વારા ભારે અનિયમિતતાઓને કારણે નિંદા કરવામાં આવી હતી, બહુ જ શરમજનક રીતે તેમનો બચાવ કરવામાં આવી રહ્યો છે. શુંગલૂ કમિટીએ આ પહેલા કોમનવેલ્થ રમતોમાં આયોજન કરનારી શીલા દીક્ષિતની સરકાર દ્વારા કરવામાં આવેલા ગંભીર અને ખોટા કાર્યોનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે યુપીએ દ્વારા કરવામાં આવેલા ભારે ભ્રષ્ટાચારના વિરોધ કરી રહ્યા હતા ત્યારે ભારતીય જનતા યુવા મોરચાના કાર્યકર્તાઓને સરકારના આદેશ ઉપર દિલ્હી પોલીસે નિર્મમતાથી મારવામાં આવી રહ્યા હતા.

ભાજપ એક પ્રભાવી લોકપાલના પક્ષમાં છે. જેના ક્ષેત્રાધિકારમાં વડાપ્રધાનનું પદ પણ આવે છે. આખા દેશમાં આ સંબંધે ચાલેલા મોટા આંદોલનમાં જોરદાર સમર્થન સાંપડ્યું છે.

## જનચેતના યાત્રા - ગુજરાત કાર્યક્રમ

કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુ.પી.એ. સરકાર દ્વારા ભ્રષ્ટાચારના વિવિધ કૌભાંડો, મોંઘવારી અને તેમની નિષ્ફળતા વિગેરે મુદ્દાઓને લઈને જનજાગરણ કરવા તેમજ સ્વચ્છ રાજનીતિ અને સુશાસન હેતુ ભાજપના રાષ્ટ્રીય નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજીની **'જનચેતના યાત્રા' તા. ૧૧ ઑક્ટોબર**ના રોજ લોકનાયક જયપ્રકાશનારાયણના જન્મ દિવસે અને તેમના જન્મ સ્થળ સીતાબ્દીયાર (બિહાર)થી પ્રારંભ થશે.

આ **'જનચેતના યાત્રા' ગુજરાતમાં તા. ૬, ૭ નવેમ્બર'૨૦૧૧** બે દિવસ નિકળશે. આ યાત્રા તા. ૬ નવેમ્બરના રોજ દમણથી નિકળીને, ગુજરાતમાં પ્રવેશ કરશે. જે વલસાડ,નવસારી, સુરત જિલ્લો અને શહેર, ભરૂચ, વડોદરા જિલ્લો અને શહેર, ખેડા, આણંદ, અમદાવાદ જિલ્લો અને કર્ણાવતી વિગેરે જિલ્લાઓમાંથી પસાર થશે. આ જિલ્લાઓમાં યાત્રાનું સ્વાગત અને જાહેરસભાનો કાર્યક્રમ યોજાશે.

ગુજરાતમાં યોજાનારી આ જનચેતના યાત્રા માટેના પ્રદેશ સંયોજક તરીકે શ્રી જયંતિભાઈ બારોટને જવાબદારી સોંપવામાં આવી છે.

શું યુપીએ સરકાર તેમના જૂના રેકોર્ડનું ધ્યાનમાં રાખીને કોઈ ઉચિત સશક્ત લોકપાલ વિધેયક પ્રસ્તાવ ખરેખર લાવશે કે નહીં એ વાતમાં એક સંદેહ જોવા મળે છે. પૂર્વ ઉપ-પ્રધાનમંત્રી અને ભાજપના સંસદીય પાર્ટીના નેતા લાલકૃષ્ણ અડવાણી વર્ષ ૨૦૦૯થી એક માંગ કરી રહ્યા છે કે વિદેશી બેંકોમાં જમા ભારતીય નાગરિકોનાં કાળાં નાણાં પાછાં લાવવા માટે પૂરી પ્રમાણિકતા સાથે પ્રભાવી કદમ ઉઠાવવાં જોઈએ, કારણ કે આ ધન અપરાધ અને ભ્રષ્ટાચારથી કમાયેલું નાણું છે. ભાજપે આ મુદ્દાને રષ્ટ્રીય આંદોલન બનાવ્યું છે અને દેશમાં આ સંબંધમાં ભારે આક્રોશ વ્યાપ્ત છે. ત્યાં સુધી કે વિશ્વના નાના દેશ પણ પ્રભાવી પગલાં ભરી રહ્યા છે. અમે સતત સાંભળી રહ્યા છીએ કે કાળા નાણા વિરુદ્ધ બહુ અનુશાસનીય સમિતિઓનું ગઠન કરવામાં આવ્યું છે અને આ સંબંધમાં પંચમુખી રણનીતિ બનાવવામાં આવી છે. આ તો માત્ર ખોખલી ઘોષણાઓ છે અને સરકારમાં કાળા ધનની ભાળ મેળવવા માટે એક પ્રભાવી અને સાર્થક સમયબધ્ધ કાર્યક્રમ લાગુ કરવા માટે અને વિદેશોમાં પેલા ખાતાધારીઓના નામ ઉજાગર કરવાની રાજકીય ઇચ્છા શક્તિ નથી. જે લોકો પોતાના અપરાધથી કમાણી કરેલા પૈસાનો લાભ ઉઠાવી રહ્યા છે તેઓ વિશે સરકાર જાણે છે કે ખાતાધારીઓના નામ બતાવવાથી તેમની જ પરેશાની વધી જશે. ભાજપ માંગણી કરે છે કે સરકાર વિલંબ વગર પેલા ખાતાધારીઓના નામ ઉજાગર કરે અને કાળા ધનના સ્વરૂપમાં વિદેશોમાં અનઅધિકૃત ધનરાશીઓને દેશમાં પાછી લાવીને પ્રભાવી પગલા લે.

## આતંકવાદમાં નિરંતર વૃદ્ધિ

આતંકવાદીઓ પોતાની મરજીથી હુમલા કરી રહ્યા છે. જેના કારણે નિર્દોષ ભારતીયોનાં મોત થઈ રહ્યાં છે. રાજધાનીની બિલકુલ વચોવચ આતંકવાદીઓએ હાલમાં જ હાઈકોર્ટની સામે નિર્ભયપણે હુમલો કર્યો જેમાં ડઝન જેટલા નિર્દોષ માર્યા ગયા. આની પહેલા મુંબઈના ઝવેરી બજારમાં પણ આતંકવાદીઓએ હુમલા કરીને અનેક નિર્દોષોને નિશાન બનાવ્યાં. ગયા વર્ષ દરમિયાન થયેલા આતંકી હુમલામાં કોઈની પણ ઠીક પ્રકારે તપાસ થઈ શકી નથી. આતંકવાદી સીમા પારથી સમર્થન પ્રાપ્ત કરીને દિલ્હી જેવા ભારતની રાજધાનીમાં, મુંબઈ જેવી આર્થિક રાજધાનીને અને વારાણસી જેવી આધ્યાત્મિક રાજધાની અને બેંગલોર જેવી જ્ઞાનની રાજધાની પર પોતાની ગતિવિધિઓ જારી રાખે છે. વાસ્તવમાં આ એક ત્રાસવાદી છે કે અફઝલ ગુરુને હાઈકોર્ટે ઘણાં વર્ષો પહેલા લેવાયેલા નિર્ણય છતાં પણ ફાંસીની સજા આપી નથી. આના પર દૃઢ શક્તિથી નિયંત્રણ કરવા માટે પ્રભાવી ઉપાય કરવાને બદલે સરકાર આવો આભાસ કરી રહી છે કે આ ગતિવિધિ તેમણે છોડી દીધી છે. હવે આને શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વવાળી રાષ્ટ્રિય સલાહકાર પરિષદના પ્રસિદ્ધ સદસ્યો દ્વારા એક પૂર્ણતઃ ખોટો અને ભેદભાવપૂર્ણ સાંપ્રદાયિક તથા લક્ષિત હિંસા નિવારણ વિધેયક ૨૦૧૧ પર વિચાર કરવાની સલાહ આપવામાં આવી રહી છે. આ વિધેયક એકદમ ભેદભાવપૂર્ણ છે અને ભારતની એકતા, અખંડતા અને સુરક્ષા માટે આનાથી ઘણા ખતરનાક પરિણામ આવી શકે છે. ભાજપ આ વિધેયકનો પુરજોશથી વિરોધ કરે છે.

## ગરીબી રેખાની નીચેની નવી શ્રેણી ગરીબ વ્યક્તિનું અપમાન છે

યોજના આયોગ જેના અધ્યક્ષ પ્રધાનમંત્રી છે જેમના દ્વારા ઉચ્ચતમ ન્યાયાલય સમક્ષ ઔપચારિક રૂપમાં આપવામાં આવેલ નિવેદનમાં બતાવવામાં આવ્યું કે ગરીબી રેખાની શ્રેણીમાં આવવા માટે શહેરી ક્ષેત્રોમાં રૂ. ૩૨ અને ગ્રામીણ ક્ષેત્રોમાં રૂા. ૨૫ કમાવવાના માપદંડને અનુસરવો જોઈએ. ચતુર્મુખી મુદ્રા સ્થિતિ અને યુપીએ દ્વારા પેદા કરવામાં આવી રહેલી કઠણાઈઓને ધ્યાનમાં રાખીને પ્રતિદિન જીવન નિર્વાહની મૌલિક આવશ્યકતાઓ ઉપલબ્ધ કરાવવામાં આ માપદંડ આમ આદમીના જખ્મો પર નમક લગાવવા જેવું છે. ભાજપ આ જનવિરોધી વાતોને દૃઢતાથી કાઢે છે અને તેને પાછું લેવા માટેની માંગણી કરી છે. ભાજપ માંગ કરે છે કે ગરીબી રેખાની નીચેના લોકોની ઓળખ વિધિના સંબંધમાં એક ચોક્કસ યાદી બનાવવા માટે એક એવી યોગ્ય સિસ્ટમ બનાવવામાં આવે જે ગરીબોના હકમાં હોય. વિભિન્ન રાજ્યોમાં બીપીએલ લોકોની સંખ્યા સીમિત કરવા માટે સરકારની હઠ ઉચિત નથી. કારણ કે એનાથી તો ગરીબોની વાસ્તવિકતા છૂપાવવા જેવું થશે.

## ખેડૂતોની મુસીબતો પારાવાર

કોંગ્રેસ નીતિ યુપીએ સરકાર ખેડૂતોની દશા પરત્વે એકદમ ઉદાસીન છે. ખાતરની કમી અને તેમના વિતરણના ઢંગ જ યોગ્ય નથી. કેન્દ્ર બિન યુપીએ સરકારવાળા રાજ્યોને ખાતર આપવામાં ભેદભાવ કરે છે. ત્યાં સુધી કે ઓછો કરેલો ક્વોટા પણ સપ્લાય કરવામાં નથી આવતા, જેના કારણે વાવણીના સમયે ખેડૂતોની કઠણાઈ વધે છે. ખેતીવાડીના કામમાં ઉપયોગી થાય તેવી સામગ્રીઓ મોંઘી હોવાને કારણે ખેતીવાડી હવે વધુ મોંઘી થઈ રહી છે. ખેડૂતોને વધુ લાભપ્રદ મૂલ્ય દેવા માટે ઉચિત પારદર્શી તંત્ર બનાવવું જોઈએ.

## બિનયુપીએ રાજ્ય સરકારોને નિશાન બનાવવું સતત ચાલુ

બિન કોંગ્રેસી, બિન યુપીએ રાજ્ય સરકારોને ચુનંદી રીતો અજમાવીને લક્ષ્ય બનાવવાનો યુપીએ સરકારનો રેકોર્ડ સતત જારી છે. જો બીજેપીની રાજ્ય સરકાર છે તો તેના પર વધુ સખ્તાઈ પૂર્વ હુમલા કરવામાં આવે છે. ભાજપ શાસિત રાજ્યોમાં રાજભવનો કોંગ્રેસ શાસિત રાજ્યો બનવા લાગ્યા છે. જ્યાં રાજ્યપાલ બધી જ સંવૈધાનિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારને અસ્થિર બનાવવાનો પ્રયત્ન કરે છે. જેથી પાછલા દરવાજેથી કોંગ્રેસને શાસન પર લાવી શકાય. સંઘીય સિદ્ધાંતનું નિર્ભયતાથી ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. તાજું ઉદાહરણ ગુજરાતમાં લોકાયુક્તની નિયુક્તિથી સંબંધિત છે. અહીં રાજ્યપાલ રાજ્યમાં કોંગ્રેસના નેતાઓ સાથે મળીને કામ કરી રહ્યા છે જેમણે લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી ભાજપ રાજ્ય સરકારનો પૂરી રીતે છેદ ઉડાડે છે. બિહાર રાજ્યમાં રાજ્યપાલ કાનૂનની મર્યાદાઓ હોવા છતાં પરામર્શ કર્યા વગર વિભિન્ન વિશ્વવિદ્યાલયોમાં કુલપતિઓની નિમણૂંક કરતા રહ્યા છે. એક તરફ કોંગ્રેસી નીતિવાળી સરકાર ભ્રષ્ટ નેતાઓને સંરક્ષણ આપતી રહી છે અને બીજી તરફ ભ્રષ્ટ કર્મચારીઓના મામલા ફાસ્ટ ટ્રેક કોર્ટમાં નિપટાવવા મધ્યપ્રદેશ સરકાર દ્વારા વિશેષ ન્યાયાલય બનાવવાનો મામલો કેન્દ્ર સરકાર દ્વારા લંબાવવામાં આવી રહ્યો છે.

•

## રાજ્યપાલ પદેથી શ્રીમતી કમલા બેનિવાલને તત્કાલ પરત બોલાવી લેવા કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકાર પાસે માંગણી કરતો પ્રસ્તાવ

# ગુજરાતનાં રાજ્યપાલ શ્રીમતી કમલા બેનિવાલ સામે ખુલ્લું તહોમતનામું

ગુજરાતનાં રાજ્યપાલ તરીકે શ્રીમતી કમલા બેનિવાલે રાજ્યના બંધારણીય વડા તરીકેનો સંવૈધાનિક સર્વોચ્ચ હોદ્દો ધારણ કરેલો છે. આમ છતાં આ બંધારણીય હોદ્દાના જે શપથ લીધા છે તેનાથી તદ્દન વિપરીત અને મનસ્વી વર્તન કરી રહ્યાં છે.

રાજ્યપાલશ્રીના બંધારણીય વડા તરીકેનું ગૌરવ અને ગરિમાની ઉજ્જ્વળ પરંપરા ગુજરાતમાં પ્રસ્થાપિત થયેલી છે. પરંતુ ગુજરાતની જાહેરજીવન અને લોકતાંત્રિક શાસન વ્યવસ્થાની બંધારણીય જોગવાઈઓથી સદંતર વિરુદ્ધ એવું શ્રીમતી કમલા બેનિવાલનું રાજ્યપાલ તરીકેનું વલણ, ગુજરાતની જનતા અને લોકશાહીના હિતચિંતકો એવા સહુ કોઈને આઘાત આપી રહ્યું છે.

છેલ્લા કેટલાય સમયથી શ્રીમતી કમલા બેનિવાલે, જનતા જનાર્દને લોકતાંત્રિક માર્ગે જંગી બહુમતીથી ચૂંટેલી લોકપ્રિય સરકારના, રાજ્યના વિકાસ અને જનહિતના નિર્ણયોમાં અવરોધક એવા મનસ્વી અને આપખુદ નિર્ણયો લઈને રાજ્યપાલના પદ અને ભારતના મહાન બંધારણની ગરિમાને હાનિ પહોંચાડી છે.

નજીકના ભૂતકાળમાં એવી સંખ્યાબંધ બાબતોમાં શ્રીમતી કમલા બેનીવાલે –

● લોકપ્રિય અને ચૂંટાયેલી, પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી રાજ્ય સરકારને વિશ્વાસમાં લીધી નથી અને મનસ્વી વર્તન કર્યું છે.

● ભારતના મહાન બંધારણની સ્વયંસ્પષ્ટ જોગવાઈઓનું સરેઆમ ઉલ્લંઘન કરીને રાજ્ય મંત્રીમંડળની સલાહોને અવગણી છે એટલું જ નહીં, રાજ્ય મંત્રીમંડળની સલાહ લીધા વગર, સ્વવિવેકની સત્તા નહીં હોવા છતાં, મનસ્વી નિર્ણયો લઈને બંધારણની પવિત્ર ભાવનાને લાંછન લગાડ્યું છે.

● લોકશાહી ઢબે ચૂંટાયેલી વર્તમાન રાજ્ય સરકારના રોજબરોજના વહીવટ અને નીતિઓ, નિર્ણયોના અમલમાં બાધા ઊભી થાય એવું આપખુદ વર્તન કર્યું છે.

ગુજરાતની સ્થાપના પછીનાં ૫૦ વર્ષમાં જે જે રાજ્યપાલશ્રીઓએ જવાબદારીઓ સંભાળી તેમનો રાજકીય ઇતિહાસ ઉજ્જ્વળ પરંપરા અને ગણમાન્ય રહ્યો છે પરંતુ, શ્રીમતી કમલા બેનિવાલે તો તેમના બંધારણીય હોદ્દાની ગરિમાને વધુ ઊંચાઈ ઉપર લઈ જઈને, છ કરોડ ગુજરાતીઓમાં આદરણીય સ્થાન મેળવવાને બદલે હોદ્દાના ગૌરવને હણી નાંખવામાં હદ વટાવી દીધી છે અને ગુજરાતના સાર્વજનિક જીવનની નૈતિક પ્રણાલીઓથી તદ્દન વિપરીત રાજભવનને કોંગ્રેસભવન બનાવી દીધું છે.

શ્રીમતી કમલા બેનિવાલે રાજ્યપાલના બંધારણીય વડા તરીકેની જવાબદારી નિભાવવાને બદલે ગુજરાતની ગૌરવમય લોકતાંત્રિક શાસન વ્યવસ્થાના ઇતિહાસને કલંકિત કર્યો હોય તેવા કેટલાક સ્વયંસ્પષ્ટ કિસ્સાઓનું ખુલ્લું તહોમતનામું ભારતીય જનતા પાર્ટી ફરમાવે છે.

### તહોમતનામું : મુદ્દા નં. ૧

સત્તાઓના નામે ચૂંટાયેલી લોકપ્રિય સરકારે વ્યાપક અને તાકીદના જનહિત માટે રજૂ કરેલા અને વિધાનસભાએ પસાર કરેલા વિધેયકોને નામંજૂર કર્યા –

શ્રીમતી કમલા બેનિવાલે ગુજરાત વિધાનસભાએ પસાર કરેલાં સાર્વજનિક હિતોના કાનૂની વિધેયકોને પડતર રાખવાના ક્ષુલ્લક અને અસંગત કારણો દર્શાવીને પુનઃવિચારણા માટે રાજ્યની સરકારને પરત કરવાના અને પુનઃવિચાર પછી વિધાનસભાએ પસાર કરીને મોકલેલાં વિધેયકોને પણ નામંજૂર કરવાના મનસ્વી નિર્ણયો લીધા છે.

શ્રીમતી કમલા બેનિવાલે સને ૨૦૦૯થી રાજ્યપાલ પદના કાર્યકાળ દરમિયાન પાંચ સંવૈધાનિક વિધેયકોને મંજૂરી નથી આપી. છેલ્લા એક દાયકામાં પરત થયેલાં બીલોની કુલ સંખ્યાના અડધો-અડધ વિધેયકો આ રાજ્યપાલશ્રીના કાર્યકાળનાં જ છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં સુસ્થાપિત પ્રણાલી એવી છે કે વિધાનસભા કોઈ વિધેયક પસાર કરે ત્યારે રાજ્યપાલશ્રી સામાન્યતઃ તેને બહાલી આપી દે છે. કોઈ અસાધારણ સંજોગો હોય કે રાજ્યપાલ પાસે બંધારણ નિર્દેશિત જે સત્તાઓ છે તેવા અપવાદરૂપ કિસ્સા સિવાય રાજ્યપાલશ્રીએ વિધેયકોને મંજૂરી જ આપવાની રહે છે.

પરંતુ –

શ્રીમતી કમલા બેનિવાલે છેલ્લા કેટલાક સમયથી જે તાકીદનાં અને જનઉપયોગી વિધેયકો, વિધાનસભા જેવી જનપ્રતિનિધિ સભાએ પૂર્ણ વિચારણા-ચર્ચા બાદ, પસાર કરેલા છે તેવાં બીલો સરકારને પરત મોકલ્યાં છે અને તેની પાછળનાં કારણો જોતાં એમ જ લાગે કે રાજ્યપાલશ્રી વિપક્ષની ભાષા વાપરે છે. વિપક્ષ જે મુદ્દાઓનો વિરોધ કરે છે તેને રાજ્યપાલશ્રી પણ વિધેયક પરત મોકલતી વેળા કારણોમાં દર્શાવે છે. શું આ કેવળ યોગાનુયોગ હોઈ શકે ? તે વાત કોઈના ગળે ઊતરે તેમ નથી. વાસ્તવમાં તો, ગુજરાતના રાજ્યભવનને કોંગ્રેસ ભવન બનાવી દીધું તેના તાર્કિક પુરાવા આમાંથી મળે છે.

● **શ્રીમતી કમલા બેનિવાલે સત્તાના નામે, સાર્વજનિક હિતો ધરાવતાં કેવાં બીલો પરત કર્યાં ?**

**ઈમ્પેક્ટ ફી વિધેયક :** નાના ગરીબ, મધ્યમ વર્ગના માનવીના કુટુંબનું ઘરના ઘરનું સપનું સાકાર થાય એ સર્વાધિક અગ્રીમ મહત્ત્વ ધરાવે છે. ઈમ્પેક્ટ ફી લઈને અનઅધિકૃત બાંધકામ નિયમિત કરી આપવાના સાર્વજનિક હિતાય વિધેયકને શ્રીમતી કમલા બેનિવાલે કેમ અટકાવી દીધું ? ગરીબ કે મધ્યમવર્ગનો માનવી પોતાના પરસેવાની બચતથી માંડ આવાસ મકાન ખરીદે, પોતાની માલિકીની જમીન કે મકાનમાં ક્યાંક બારી-બારણાં કે નાનકડો રૂમ, ઓટલો કે ટુ-વ્હીલર પાર્કિંગ માટે નાનો શેડ બનાવવા જેવા વ્યવહારુ સુવિધા ઊભી કરી દીધી હોય અને પાછળથી તે અનઅધિકૃત બાંધકામ તરીકે તોડી પાડવામાં આવે તો તેની ગરીબ-મધ્યમવર્ગની બેઘર થઈ જવાની પીડા કેવી હોય - આ સંવેદનામાંથી વર્તમાન ભાજપા સરકારે, ઈમ્પેક્ટ ફી લઈને આવા અનઅધિકૃત બાંધકામ નિયમિત કરી આપવા અને લાખો ગરીબ-જરૂરતમંદ મધ્યમ વર્ગનાં કુટુંબોની વ્યવહારુ નાની મોટી મુશ્કેલીઓ હલ કરવા અને સુખાકારીના હિતને હૈયે રાખીને વિધેયક તૈયાર કરેલું, જે વિધાનસભામાં ચર્ચા પછી પસાર થયું હતું. આવા વ્યાપક જનસમૂહને સ્પર્શતા તાકીદના રોજબરોજની જરૂરિયાતવાળા લોકહિતના વિધેયકને રાજ્યપાલે મંજૂરી આપી નથી.

### સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ

● સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ અનામત રાખતું વિધેયક વિધાનસભામાં પસાર કરાવીને ભાજપાની રાજ્ય સરકારે નારી સશક્તિકરણ માટે અને જાહેરજીવન તથા સ્થાનિક સ્વરાજના વહીવટમાં અને વિકાસનાં કામોમાં મહિલા શક્તિને નિર્ણાયક ભાગીદાર બનવાનો ક્રાંતિકારી અવસર આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યની ભાજપા સરકારે સમાજની કુલ સંખ્યાબળમાં અડધોઅડધ નારીવર્ગની સંખ્યા રહી છે તેને પ્રોત્સાહિત કરીને આ વિધેયક પસાર કરાવેલું, છતાં, શ્રીમતી કમલા બેનિવાલે જાહેરજીવનમાં નારી સશક્તિકરણની દિશામાં ક્રાંતિકારી આ વિધેયકને ક્ષુલ્લક કારણોસર મંજૂર કર્યું નથી.

### નશાબંધીના કાયદાના કડક અમલ માટેનું વિધેયક

● નશાબંધીની નીતિને તેનો નિષ્ઠાપૂર્વક અમલ કરનારું ગુજરાત બંધારણના આદર્શનું પાલન કરે છે. મહાત્મા ગાંધી દ્વારા પ્રેરિત કલ્યાણ રાજ્યની વ્યક્ત થયેલી ભાવનાનો સુપેરે અમલ કરવા નશાબંધીના કાયદાનો કડક અમલ થાય, નશાબંધીનો છડેચોક ભંગ કરનારા, લઠ્ઠા જેવા ઝેરી પદાર્થોનું ઉત્પાદન અને વિતરણ-વેચાણ કરનારા સમાજના દુશ્મન એવાં રીઢા તત્ત્વોને સખતમાં સખત નશ્યત થાય તેવા હેતુથી, જ્યારે લઠ્ઠાકાંડથી સમગ્ર ગુજરાત હચમચી ઊઠ્યું હતું ત્યારે, રાજ્ય સરકારે જે વિધેયક વ્યાપક લોકહિતમાં વિધાનસભામાં પસાર કરીને રાજ્યપાલશ્રીને મોકલ્યું તેને પણ પરત કરનારા ડૉ. કમલા બેનિવાલ ગાંધીવાદી કહી શકાય ખરાં એવો પ્રશ્ન જનતાના મનમાં ઊઠ્યો છે.

### યુનિવર્સિટીઓના સંચાલનમાં હસ્તક્ષેપ

### મુદ્દા નં. ૨

● વાઈસ ચાન્સેલરોની નિમણૂકોમાં શ્રીમતી કમલા બેનિવાલે રાજ્યપાલ પદની ગરિમાને ઝાંખપ લગાડે તેવા નિર્ણયો મનસ્વીપણે લીધા છે. રાજ્યપાલશ્રી તો હોદ્દાની રૂએ યુનિવર્સિટીઓના ચાન્સેલર ગણાય છે પરંતુ યુનિવર્સિટીઓમાં નીતિ-નિર્ધારક તરીકે સેનેટ અને સિન્ડિકેટ એ યુનિવર્સિટીના સંચાલન માટે સ્વતંત્ર અને સ્વાયત્ત સત્તા છે, છતાં, રાજ્યપાલ તરીકે શ્રીમતી કમલા બેનિવાલ તેની ઉપરવટ ગયાં છે. યુનિવર્સિટીઓના વહીવટની રોજિંદી સામાન્ય વ્યવસ્થાના સંચાલનમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની દેખરેખ હોય છે. દેશની તમામ યુનિવર્સિટીઓમાં આ સ્થાપિત પ્રણાલી છે, પરંતુ વર્તમાન રાજ્યપાલશ્રીએ રાજ્યની ચૂંટાયેલી સરકાર, યુનિવર્સિટી સેનેટ અને સિન્ડિકેટને બાજુએ રાખીને યુનિવર્સિટીઓને વહીવટી સૂચનાઓ આપી છે. કોઈ કાર્યવાહી કરવી કે અટકાવવી તેવા પ્રકારની દખલગીરી અને હસ્તક્ષેપ હવે આ રાજ્યપાલશ્રીના રાજભવનની રોજિંદી બાબત થઈ ગઈ છે. યુનિવર્સિટીઓના કુલાધિપતિની આદર્શ ભૂમિકાને નિભાવવાના બદલે રાજ્યપાલ તરીકે શ્રીમતી કમલા બેનિવાલે વિવાદાસ્પદ નિર્ણયો અને હસ્તક્ષેપ કર્યા જે સમગ્ર શિક્ષણજગતમાં ચર્ચાસ્પદ બન્યા છે.

● ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ચોક્કસ પસંદગીની વ્યક્તિની નિમણૂક થાય તેવા ઈરાદાથી રાજ્યપાલશ્રી વાઈસ ચાન્સેલરની નિમણૂક માટેની પસંદગી સમિતિમાં ધરાર, નિયમ વિરુદ્ધ ૬૨ વર્ષથી ઉપરની ઉંમરના પોતાના સમર્થક વ્યક્તિને જ ચાલુ રાખ્યા હતા.

● સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પદ ઉપરની નિમણૂક પણ વિવાદનો વિષય બની ગઈ. યુનિવર્સિટી રજિસ્ટ્રાર જેવા પદની નિમણૂક માટે આટલી રુચિ દાખવીને રાજ્યપાલશ્રીએ વિવાદ સર્જ્યો છે. આવા તો અન્ય ઘણા કિસ્સાઓ છે જે વિદ્યમાન રાજ્યપાલશ્રીના હોદ્દાને છાજે નહીં તેવું વર્તન અને સમગ્ર શિક્ષણજગતનું વ્યાપક અહિત કરનારા બની રહ્યા છે.

### જનમતથી ચૂંટાયેલી લોકપ્રિય રાજ્ય સરકારની અવગણના

### મુદ્દા નં. ૩

● જનમતથી ચૂંટાયેલી લોકપ્રિય રાજ્ય સરકારની અવગણના અને ફેડરલ સ્ટ્રક્ચરની લોકશાહી શાસન વ્યવસ્થા ઉપર કુઠારાઘાત કરીને રાજ્યપાલશ્રી જાણે કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારના પોલિટિકલ એજન્ટ હોય તેમ વર્તી રહ્યાં છે.

ભારતના મહાન બંધારણે સમવાયતંત્રની લોકશાહી શાસન વ્યવસ્થામાં રાજ્ય સરકારને બંધારણીય પ્રકારની વહીવટી કે કારોબારી સત્તાઓ નિશ્ચિત કરેલી છે. એક રાજ્યમાં બે સરકારો ક્યારેય ચાલી શકે જ નહીં. ભારતનું બંધારણ આને કોઈ સંજોગોમાં મંજૂર રાખે નહીં. પરંતુ વર્તમાન રાજ્યપાલશ્રી આ પ્રસ્થાપિત વ્યવસ્થા અને અત્યાર સુધીની પ્રણાલીના વ્યવહારથી વિપરીત રીતે, બંધારણથી ઉપરવટ જઈને, રાજ્યના વટીવટીતંત્રને સીધી સૂચનાઓ આપે છે, જિલ્લા વહીવટીતંત્રને આદેશો કરે છે, સીધેસીધી અધિકારીઓની બેઠકો યોજે છે. આમ રાજ્ય સરકારના કારોબારી સત્તાઅધિકારમાં સીધેસીધો રાજકીય હસ્તક્ષેપ કરીને ડૉ. કમલા બેનિવાલ આ પ્રકારના ગેરબંધારણીય વર્તનથી પાછલા બારણેથી શાસનનો દોર સંભાળવા પ્રવૃત્ત થયા હોવાના ઘણા પુરાવા બહાર આવેલા છે.

સરકારિયા કમિશનની ભલામણો અનુસાર વિધાનસભાએ પસાર કરેલા વિધેયકને રાજ્યપાલશ્રીની મંજૂરી ચોક્કસ સમયમર્યાદામાં મળે તેવી સ્પષ્ટતા હોવા છતાં રાજ્યપાલશ્રીએ ક્ષુલ્લક કારણોસર જનહિતનાં વિકાસલક્ષી નીતિવિષયક વિધેયકોને લાંબા સમય સુધી પડતર રાખવાનું મૂનસફીભર્યું વલણ અપનાવ્યું છે અને રાજ્ય સરકાર વિધાનસભા દ્વારા તેનો પુનઃવિચાર કરીને ફરીથી મોકલે ત્યારે પણ તેને અનુમતિ આપવામાં આનાકાની કરતાં રહ્યા છે. વિધાનગૃહની કાયદો ઘડવાની સત્તા અને રાજ્ય સરકારની પ્રજાહિતલક્ષી નીતિઓના અમલ માટેના કાયદાનું હાર્દ હણી નાંખવા ઈરાદાપૂર્વક પ્રયાસો કર્યા છે. સને ૨૦૦૯થી શરૂ થયેલા વર્તમાન રાજ્યપાલના કાર્યકાળ દરમિયાન છ જેટલાં વિધેયકો ક્ષુલ્લક કારણો દર્શાવીને પરત કરેલાં છે. છેલ્લા એક દાયકા દરમિયાન પુનઃવિચારણા માટે સરકારને મળેલા વિધેયકોની સંખ્યામાં અડધોઅડધ તો આ જ રાજ્યપાલશ્રીના કાર્યકાળમાં છે જેમાં તેમનો વર્તમાન રાજ્ય સરકાર પ્રત્યેનો રાજકીય દ્વેષભાવ જ પ્રગટ થયો છે.

આમ કમલા બેનિવાલ ગુજરાતના રાજ્યપાલ તરીકેના બંધારણીય વડા તરીકેના લીધેલા શપથથી વિરુદ્ધ અને વિપરીત મનસ્વી વલણ અને વર્તન કરતાં રહ્યાં છે તેમજ બંધારણીય જોગવાઈથી વિરુદ્ધ એવી સત્તાનો દુરુપયોગ કરી રહ્યાં છે અને તેમનું આ વલણ ચૂંટાયેલી રાજ્ય સરકાર પ્રત્યે પક્ષપાતી પુરવાર થઈ ગયું છે.

રાજ્યપાલશ્રી તરીકે આવા કેટલાય ઉત્તરોત્તર વિવાદાસ્પદ નિર્ણયોને કારણે ચૂંટાયેલી લોકપ્રિય સરકારની વહીવટી સત્તા ઉપર હસ્તક્ષેપ કરીને સંઘર્ષની સ્થિતિનું નિર્માણ કરેલું છે. આ બંધારણની ફેડરલ સ્ટેટની ભાવનાનો છડેચોક ભંગ છે. રાજ્યપાલ પદની ગરિમા તથા રાજભવનના ગૌરવપદ સ્થાનને શ્રીમતી કમલા બેનિવાલ લાંછન લગાડી રહ્યાં છે.

શ્રી કમલા બેનીવાલ સુદીર્ઘ જાહેરજીવનનો અનુભવ ધરાવે છે અને રાજ્યપાલ તરીકેના ગરિમામય પદ ઉપર નિયુક્ત થવાથી તેનું ગૌરવ જાળવવાને બદલે તેમણે પોતાના પદનો દુરુપયોગ જ નથી કર્યો, પરંતુ લોકશાહી પ્રક્રિયાથી ગુજરાતના મતદારો દ્વારા બે-તૃતીયાંશથી પણ વધારે બહુમતીથી ચૂંટાયેલી લોકપ્રિય રાજ્ય સરકારને કામ કરતી અટકાવવા માટેનું માધ્યમ બનવાનો સતત પ્રયત્ન કરતાં રહ્યાં છે. જે માત્ર બંધારણનું કે બંધારણીય પદની ગરિમાનું જ નહીં, પણ છ કરોડ ગુજરાતીઓના ખમીર અને ખુમારીનું હળાહળ અપમાન છે.

રાજ્યની વર્તમાન સરકારને છેલ્લાં દશ-દશ વર્ષથી ત્રણવાર ગુજરાતની જનતાએ લોકશાહી માર્ગે ચૂંટીને રાજ્યના વિકાસ અને જનહિત માટે જવાબદારી સોંપેલી છે ત્યારે, લોકતંત્ર શાસન વ્યવસ્થામાં વિધાનગૃહ અને કારોબારીના સત્તાઅધિકારો સાથે સુસંગત રહીને જ વહીવટ કરી રહેલી વર્તમાન રાજ્ય સરકાર દ્વારા રાજ્યનો વહીવટ સુચારુ રૂપે ચાલે તે માટે રાજ્યપાલશ્રી તરીકે કમલા બેનિવાલનું વલણ કોઈ સંજોગોમાં જનતા સાંખી શકે તેમ નથી. પોતાના ગરિમાપૂર્ણ બંધારણીય વડાના પદનો દુરુપયોગ કરી રહેલાં કમલા બેનિવાલે રાજ્યપાલ પદે ચાલુ રહેવા માટેનો નૈતિક અધિકાર ગુમાવી દીધો છે તેથી ભારતની સમવાયતંત્રી લોકશાહી (ફેડરલ ડેમોક્રસી)ના વ્યાપક હિતમાં અને ભારતના મહાન બંધારણની ગરિમાના વિશાળ હિતમાં, રાજ્યપાલશ્રી તરીકે કમલા બેનિવાલને તત્કાળ અસરથી પરત બોલાવી લેવા ભારતીય જનતા પાર્ટી – ગુજરાત પ્રદેશની કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી છે.

કમલા બેનિવાલની રાજ્યપાલ તરીકેની કાર્યપ્રણાલી, બંધારણની ભાવનાથી તદ્દન વિપરીત રહી છે તેનાથી ગુજરાતનાં જાહેરજીવનનાં મૂલ્યોની ઊજળી અને પ્રસ્થાપિત પરંપરાને લાંછન લાગી રહ્યું છે. ગુજરાત જેવા દેશમાં વહીવટ અને વિકાસનું પથદર્શક બની રહેલા રાજ્યની ચૂંટાયેલી લોકપ્રિય સરકારની કામગીરીમાં અવરોધક અને પક્ષપાતી વલણ ધરાવતા બંધારણીય વડા રાજ્ય સરકારને વિશ્વાસમાં લીધા વગર નિર્ણયો લે કે સત્તાઓના નામે રાજ્ય સરકારની કે તેની સલાહની અવગણના કરે તેનાથી ગુજરાતના વિકાસ અને વહીવટી તંત્રની ગતિશીલતા ઉપર પણ વિપરીત અસરો પડી રહી છે જે કોઈપણ સંજોગોમાં છ કરોડ ગુજરાતીઓના પુરુષાર્થ, ક્ષમતા અને સામર્થ્યને પાલવે તેમ નથી.

આથી, કમલા બેનિવાલને રાજ્યપાલ પદેથી પરત બોલાવી લેવામાં આવે અને તેમની જગ્યાએ ગુજરાતના સાતત્યપૂર્ણ વિકાસને વરેલી રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને છ કરોડ ગુજરાતીઓના સામર્થ્યથી વિકાસનાં સપનાં સાકાર કરવાના પુરુષાર્થને પ્રેરનારા બંધારણીય વડા તરીકે યોગ્ય વ્યક્તિની રાજ્યપાલ તરીકે નિમણૂક કરવા ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશની આજની આ સભા ઠરાવે છે.

●

## પુસ્તક પરિચય

# એક ઓર દધીચિ-ઋષિ : નાનાજી દેશમુખ

# આ ‘નાના’ હતાં ઘણાં મોટા...



પુસ્તકની પ્રસ્તાવનામાં ગુજરાતમાં સાહિત્યસેવી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે એમ ‘નાના’ શબ્દમાં છલકાતો પ્રેમ, આદર અને સ્નેહભાવ એમના જીવનમાં વણાયેલા સૂક્ષ્મ પાસાંને ગરવાઈ અને વાત્સલ્યમૂર્તિનું સ્વરૂપ આપનાર છે. પંડિત દીનદયાળજીના અકાળ અવસાન પછી એમણે પક્ષને રાષ્ટ્રીય ફલક ઉપર વિસ્તૃત કરી, મહત્ત્વની ભૂમિકા ભજવવા માટે સંગઠનનું માનસઘડતર કરી ગતિશીલતા પ્રદાન કરી.

નાનાજીને મોટાભાગે આપણે નામથી અને એમના કામથી તો ઓળખીએ જ છીએ. પણ અહીં આપવામાં આવેલો એમના જીવનનો પરિચય એ માત્ર એટલા પૂરતો સીમિત ન રહેતા વ્યાપક અર્થમાં નાનાજીની જીવનશૈલી, એમની વિચારધારા અને એમના સમગ્ર કર્તૃત્વને સુપેરે ઉજાગર કરે છે.

ગાગરમાં સાગર સમાવતી ૮૦ પાનાંની સામગ્રી અને એની સાથે ૧૬ પાનાંની વિશેષ એવી નાનાજીની ચિત્રમય ઝાંખી સહિતનું આ પુસ્તક બીજા અર્થમાં યોગ્ય સમયે કરવામાં આવેલું ઉચિત દસ્તાવેજીકરણ પણ છે. ૧૪ પ્રકરણોમાં પથરાયેલી નાનાજીની જીવનકથામાં આજીવન એક બાબત અગ્રેસર રહી ને એ હતો એમનો પોતાનાં જીવનમૂલ્યો માટેનો સંઘર્ષ. પોતાના જીવનના પાંચ દાયકા નાનાજીની સાથે ખભે-ખભો મિલાવીને કામ કરનારા યાદવરાવજી દેશમુખે આ બાબતને ઘણી સાહજિકતાથી વર્ણવી છે કે બાળપણમાં ગરીબીએ માતા ઝૂંટવી લીધાં, પછી પિતાનું અવસાન થયું. મોટી ઉંમરે શાળામાં પ્રવેશ મેળવ્યો. સંઘકાર્યમાં સ્વૈચ્છિકપણે જોડાયા. મંત્રીપદ જ્યારે સામેથી આવી મળ્યું ત્યારે પોતાના જીવનધ્યેયને ઓળખી, ૬૦ વર્ષે સક્રિય રાજનીતિ જે અતિદુષ્કર ગણાય છે એવી ‘સ્વૈચ્છિક નિવૃત્તિ’ લઈ, ચિત્રકૂટ આવી પલાંઠી વાળીને બેઠાં એ બેઠાં. બીજા શબ્દોમાં કહીએ તો એમણે ગાંધીજી અને વિનોબાજીના ગ્રામોત્થાન અને ગ્રામવિકાસની વિભાવનાને પૂરેપૂરી ચરિતાર્થ કરી છે. એમણે ગોન્ડા અને ચિત્રકૂટમાં કરેલા અદ્ભુત કાર્ય વિશે એક વાર એ સ્થળોની મુલાકાત લેવાથી વધુ સમજી શકાશે.

**પુસ્તક :**
**એક ઓર દધીચિ-ઋષિ : નાનાજી દેશમુખ**
**લેખક : ભગીરથ દેસાઈ**
**પૃષ્ઠ : ૮૦ વત્તા ૧૬ તસવીરો વત્તા ૦૪**
**મુખપૃષ્ઠ : કુલ ૧૦૦ મૂલ્ય : રૂા. ૯૦/-**
**પ્રકાશક : સાહિત્ય સાધના ટ્રસ્ટ,**
**બળિયાકાકા માર્ગ, કાંકરિયા,**
**અમદાવાદ-૩૮૦ ૦૨૮**
**દૂરભાષ : (૦૭૯) ૨૫૪૩૪૫૪૯**

પુસ્તકના લેખક અને બાલભારતી પુસ્તકશ્રેણીના સંપાદક તરીકેની જવાબદારી વહન કરી રહેલાં ભગીરથભાઈએ ખરા અર્થમાં આ એક ભગીરથ કાર્ય કર્યું છે. એક પ્રચારકના જીવન વિશે કેટલું લખાય એ સંકોચ સાથે એમણે આ કાર્ય સુપેરે પાર પાડ્યું છે. પુસ્તકનો ખરો પિંડ તો યાદવરાવજી સાથેની વાતચીતમાં બંધાયો. એમાં પછી બાળપણથી શરૂ કરીને છેક એમ્સ હૉસ્પિટલમાં મૃતદેહના દાન સુધીની ઘટનાઓ મણકા તરીકે ઉમેરાતી ગઈ. પોતાની માતાનું અકાળે અવસાન આજીવન ન ભૂલી શકેલા નાનાજી માતાએ જે આતિથ્યભાવનાને પોષવા પોતાનો જીવ આપ્યો હતો એના, ‘અતિથિ દેવો ભવ’નું જીવંત ઉદાહરણ બની રહ્યા.

પુસ્તકમાં એમના જીવનકાર્ય વિશે ઘણી વાતો વિગતે આપવામાં આવી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવી સુયોજિત અને સમર્પિત રાષ્ટ્રભક્ત સંસ્થાનો પાયો નાખનારા ડૉ. કેશવ બલિરામ હેડગેવારના હાથે સ્વયંસેવક તરીકે શપથ લેનારા પહેલાં ૧૭માંના એક હતા, નાનાજી. એ દીક્ષા એમના જીવનનો ભેખ બની રહી. કૌટુંબિક જીવનમાં આવેલી અનેકવિધ મુશ્કેલીઓ વચ્ચે પણ નાનાજી અડીખમ રહ્યા એટલું જ નહીં, વધુ ને વધુ મજબૂત બન્યાં અને એમની આસપાસ પોતાના જેવા જ વ્યક્તિઓનું ઘડતર કરતા રહ્યા. મોટી ઉંમરે શાળાએ ગયા હોવા છતાં જન્મજાત નેતૃત્વના ગુણના કારણે અલગ તરી આવતા. શેઠ ઘનશ્યામદાસ બિરલાએ એમના આ ગુણ પારખ્યો અને એ જમાનામાં માસિક રૂા. ૮૦ના પગાર સાથે જીવનનિર્વાહનો તમામ ખર્ચ ઉઠાવવાની તૈયારીઓ બતાવી પણ નાનાજી તો એ પહેલાં જ ‘સંઘકાર્ય એ જ રાષ્ટ્રસેવા’નો સંકલ્પ કરી ચૂક્યા હતાં. આવા ચુસ્ત સંકલ્પધારીઓ હોય પછી સંઘ વિશ્વભરમાં પોતાની રાષ્ટ્રસેવાભક્તિ માટે પ્રખ્યાત બને એમાં શી નવાઈ ! આ નિષ્ઠા જ એમને પોતાના અંગત કુટુંબીઓના દુઃખદ અવસાન પ્રસંગે પણ રાષ્ટ્રકાર્યમાંથી ડગાવી શકી નહોતી.

**– પરીક્ષિત જોશી**



**રાજકીય વિવાદમાં દોરવાયા વગર સમાજના હિતમાં અને શિક્ષણ ઉપર વિકાસ માટેનું ધ્યાન કેન્દ્રિત કરવા મુખ્યમંત્રીશ્રીનું માર્ગદર્શન**

# માલધારીઓની લાકડી છોડાવીને તેમના સંતાનોને કલમ (શિક્ષણ) હાથમાં આપવી છે શિક્ષણ જ વિકાસનો ઉત્તમ પર્યાય છે - નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને મળેલા માલધારી-રબારી સમાજના સંતો-મહંતો એ આગેવાનોના પ્રતિનિધિમંડળે સમાજના સાંપ્રત પ્રશ્નોની રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ માલધારી સમાજના વર્ષો જૂના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે સમસ્યાના મૂળમાં જઈને હિંમતપૂર્વક નિર્ણયો લેવાની વર્તમાન સરકારની પ્રતિબદ્ધતા અને સકારાત્મક અભિગમ અંગે વિગતવાર ભૂમિકા આપી હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકશાહીમાં પ્રશ્નો રજૂ કરવાનો અધિકાર દરેક સમાજને છે પણ રાજકારણના કાવાદાવાથી સરવાળે તો સમાજનું જ અહિત થશે એમ જણાવી રાજ્યના વિકાસમાં બધા જ સમાજવર્ગોની સાથે વિકાસમાં ભાગીદાર બનવા અને શિક્ષણ દ્વારા પ્રગતિની દિશા લેવાનું માર્ગદર્શન પણ આપ્યું હતું.

માલધારી સમજાના આગેવાનો એ ગૌચરની જમીન, ગૌરક્ષા, ઘરખેડના કાયદા, વીડીઓ અને વાડાની જમીન વગેરે પ્રશ્નો અંગે કરેલી રજૂઆતના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારનો અભિગમ જ વિકાસલક્ષી રહ્યો છે અને પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવા તેના મૂળમાં જઈને હિંમતપૂર્વક નિર્ણયો લેનારી આ જ સરકાર છે.

ગૌવંશ રક્ષા માટે સર્વોચ્ચ ન્યાયપાલિકા પાસેથી ન્યાય મેળવીને આ જ સરકારે કાયદો કર્યો છે પરંતુ ભારત સરકારે હજુ સુધી આવો કાયદો કરવા વિચારણા પણ હાથ નથી ધરી. ઊલટું, માંસ-મટનની નિકાસ માટે પ્રોત્સાહન આપી રહી છે. રાજકીય વિવાદમાં દોરાઈ જવાથી સમાજનું ભલું થવાનું નથી એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં પશુપાલકો અને માલધારીઓના પશુઓની રક્ષા માટેનું સૌથી મોટું જીવદયાનું કામ ૨૭૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાઓ યોજીને અને લાખો પશુઓની રસીકરણ કર્યું છે અને ૧૧૨ જેટલા પશુરોગો કાયમી ધોરણે નેસ્તનાબૂદ પણ આ સરકારે કર્યાં છે. આના પરિણામે જ ગુજરાતમાં દૂધ ઉત્પાદનમાં દશ વર્ષમાં ૬૦ ટકાનો વધારો થયો છે.

ગોચરની જમીન માટે અને તેના દબાણો દૂર કરવા સર્વોચ્ચ અદાલતે જ ફેસલો આપેલો છે, તે અંગે આ સરકારે જ હિંમતપૂર્વક તેનો અમલ કરી ૮૦ ટકા દબાણો પણ દૂર કર્યા છે. ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના કરનારે ગૌચરની જમનના બદલામાં વળતરરૂપે ગૌચરની જમીન ખરીદીને પણ આપવી પડે તેવો નિયમ કરેલો છે. એટલું જ નહીં, ગુજરાતમાં ઉદ્યોગો મહદ્અંશે જ્યાં ઘાસનું તણખલું પણ ઉગતું ના હોય એવી બિનઉપજાઉ જમીનમાં સ્થપાય છે. ઉદ્યોગોની સાથોસાથ ખેતી માટે વાવેતર વિસ્તાર વધ્યો હોય એવું એકમાત્ર અપવાદરૂપ રાજ્ય પણ ગુજરાત જ છે જે આ સરકારની મહેસૂલના કાયદાઓમાં હિંમતપૂર્વક સુધારા કરીને એકેએક ઇંચ જમીનની માપણી કરવાની પ્રતિબદ્ધતામાં વ્યક્ત થાય છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

પશુધન માટે માલધારી સમાજ જેટલી જ ચિન્તા આ સરકારની રહી છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ માલધારી પશુપાલકોને વૈજ્ઞાનિક પશુસંવર્ધન અપનાવવા અને જે વર્ષોજૂની સમસ્યા છે તેની વહીવટી ગૂંચ ઉકેલવામાં રાજ્ય સરકારના પ્રયાસોને સમજવા માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રબારી સમાજની નવી પેઢીને શિક્ષિત બનાવવાની નેમ વ્યક્ત કરતા માર્મિક શબ્દોમાં એમ પણ જણાવ્યું હતું કે માલધારીઓની લાકડી છોડાવીને તેમના સંતાનોને કલમ (શિક્ષણ) હાથમાં આપવી છે ! શિક્ષણ જ વિકાસનો ઉત્તમ પર્યાય છે. એમ તેમણે જણાવ્યું હતું.

નર્મદાના પાણીની સુવિધા અને દુષ્કાળ જેવી કુદરતી આપત્તિથી મૂક્ત રહેવા ગુજરાતમાં સૌના સાથ સૌના વિકાસમાં માલધારી સમાજ પણ જોડાય એવી અપીલ તેમણે કરી હતી.

આ પ્રતિનિધિમંડળમાં રબારી સમાજના મહંત વડવાળા મંદિરના શ્રી કનીરામ બાપુ, આગેવાન શ્રી તેજાભાઈ દેસાઈ, શ્રી રણછોડભાઈ રબારી, ધારાસભ્યશ્રી બાબુભાઈ દેસાઈએ રાજકારણથી પર રહીને મુખ્યમંત્રીશ્રીની સમાજના પ્રશ્નો ઉકેલવા માટેની તત્પરતા અને વિધેયાત્મક અભિગમને આવકારી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને ખૂબ જ સાનુકૂળ વાતાવરણમાં પ્રશ્નો સાંભળવા માટે સમય ફાળવ્યો તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી. •